# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.
## (ગુજરાત સરકારનું સાહસ)

સેકટર નં.૧૦/એ,નવા–સચિવાલયની સામે,

ગાંધીનગર

## રવિ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮

## લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી

પ્રતિ કવીન્ટલ રુા.૧૬૨૫/(એક મણના રુા.૩૨૫/ લેખે)

सत्यमेव जयते

# અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા
# લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી

## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.
## (ગુજરાત સરકારનું સાહસ)

રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮

લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરનાર
(નોડલ એજન્સી)

રવિ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ માં ટેકાના ભાવે
ઘઉંની ખરીદી અંગેની માર્ગદર્શિકા

# અનુક્રમણિકા


| અ.નં | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | રવિ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ ટેકાના ભાવે ઘઉંની ખરીદીની પધ્ધતિ અંગેનો પત્ર નં.૨૧૧/ એમએસપી/ઘઉ/ પ્રાપ્તિ/ આરએમએસ/ ૨૦૧૭–૧૮/તા. ૭ / ૩/૨૦૧૭ | ૧ થી ૧૬ |
| ૨ | રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ ટેકાના ભાવે ઘઉંની ખરીદી અંગે સરકારશ્રીનો ઠરાવ નં.આરએમએસ/ ૧૪/૨૦૧૬/ જીઓઆઈ/ ૪૧૨/ક, તારીખ ૧૬/૨/૨૦૧૭ | ૧૭ થી ૨૬ |
| ૩. | કેન્દ્ર સરકારશ્રીનો પ્રાઈસ પોલિસી ફોર રવિ ક્રોપ્સ ૨૦૧૬–૧૭ (રવિ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ ) અંગેનો પરિપત્ર .no.-4(1)/ 2016-PY.I DATE 24-11-2016 (ગુજરાત સરકારના પત્ર આર.એમ.એસ ૧૪/૨૦૧૬/ જીઓઆઈ/ ૪૧૨/ક, તારીખ ૧૯/૧૨/૨૦૧૬ સાથે બિડાણ) | ૨૭ થી ૨૯ |
| ૪. | કેન્દ્ર સરકારનો બારદાન ઉપર કલર કોડીંગ અંગેનો પરિપત્ર માર્કેટીગ વર્ષ ૨૦૧૭–૧૮ ન.૧૫(૧)/૨૦૧૨–પીવાય.III/ ૩૧૮૬૩૯, તારીખ ૨૬/૦૯/૨૦૧૬ | ૩૦ |
| ૫. | કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત મીશન પ્રિન્ટીગ લોગો બાબત તારીખ ૭/૧/૨૦૧૬ | ૩૧ |
| ૬. | ગુજરાત રાજયમાં અંદાજીત ઘઉંના વાવેતર તથા ઉત્પાદનની વિગત તથા YIELD દર્શાવતા પત્રક | ૩૨ થી ૩૫ |
| ૭. | રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ ના ટેકાના ભાવે ઘઉંની ખરીદીના ધારા–ધોરણ તથા ખરીદવામાં આવતાં જથ્થાનું ગ્રેડીગ/ સંગ્રહ અને જાળવણી બાબતનો કયુ.સીશાખાનો પરિપત્ર નં.નાપુનિ/કયુ.સી/ ૩૧૮૧/એમએસપી/ ઘઉ / સ્પેશીફિકેશન/પરિપત્ર/ ૨૦૧૭–૧૮/૬૫૫/૧૦૮૨૩, તારીખ ૨૭/૨/૨૦૧૭ | ૩૬ થી ૫૦ |
| ૮ | નાણાં શાખા ધ્વારા ખેડૂતોને ચૂકવણાં માટે આપેલ સૂચનાનો તા.૨૭/૨/૨૦૧૨ નો પત્ર | ૫૧ થી ૬૦ |
| ૯ | ખેડૂતોને RTGS/NEFT થી બારોબાર તેઓના ખાતામાં ચૂકવણું કરવા બાબત તા.૧૭/૨/૨૦૧૭ નો પત્ર | ૬૧ |
| ૧૦. | જિલ્લાવાર સંગ્રહશકિતની વિગત દર્શાવતું પત્રક | ૬૨ થી ૬૭ |
| ૧૧. | લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતની ઓન લાઈન નોંધણી માટેનું ફોર્મનો નમુનો | ૬૮ |
| ૧૨. | ખેડૂત પાસેથી માંગવામાં આવતાં પુરાવા ૭/૧૨ તથા ૮/અ ના નમુના (પરિશિષ્ટ–૨) | ૬૯ થી ૭૦ |

| | | |
|---|---|---|
| ૧૩. | ઘઉંનો જથ્થો મળ્યા બદલની ખેડૂતને આપવા અંગેની પહોંચ (પરિશિષ્ટ.૩) | ૭૧ |
| ૧૪. | ઘઉંના ટેકાના ભાવે ખરીદી અંગે ચૂકવણું કરવાનો નમુનો (પરિશિષ્ટ–૪) | ૭૨ |
| ૧૫. | ખરીદ કેન્દ્ર ખાતે નિભાવવા માટેનું ખરીદ/ ચૂકવણાં રજીસ્ટર (પરિશિષ્ટ.૫) | ૭૩ |
| ૧૬ | ગોડાઉન મેનેજર /ગ્રેડર ધ્વારા જિલ્લા કચેરીને મોકલવાનું પત્રક (પરિશિષ્ટ.૬) | ૭૪ |
| ૧૭ | જિલ્લા કચેરીએ વડીકચેરીને મોકલવાનું દૈનિક પત્રક (પરિશિષ્ટ.૭(અ) અને પરિશિષ્ટ–૭(બ) | ૭૫ થી ૭૭ |
| ૧૮ | ઓપેરટીવ હિસાબ (૫/બ) પત્રક (પરિશિષ્ટ.૮) | ૭૮ |
| ૧૯ | ટેકાના ભાવે ઘઉં ખરીદી અન્વયે જિલ્લા કચેરી ખાતે નિભાવવાના રજીસ્ટરનો નમુનો (પરિશિષ્ટ–૯)(૯/અ) | ૭૯ થી૮૦ |
| ૨૦ | ટેકાના ભાવે ઘઉંની ખરીદી અન્વયે ખરીદ એજન્સી ધ્વારા નિભાવવાના થતાં રજીસ્ટર (પરિશિષ્ટ–૧૦) | ૮૧ |
| ૨૧. | ખેડૂતે ટેકાના ભાવે વેચેલ ઘઉંના નાણાં મળ્યા બદલની પહોંચનો નમુનો(પરિશિષ્ટ–૧૧) | ૮૨ |
| ૨૨. | ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે છપાવવાના થતાં પેમ્ફલેટનો નમુનો (પરિશિષ્ટ–૧૨) | ૮૩ |
| ૨૩. | અસ્વીકૃત થયેલ જથ્થાની વિગત દર્શાવતાં રજીસ્ટરનો નમુનો (પરિશિષ્ટ–૧૩) | ૮૪ |
| ૨૪. | રાજયમા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ફોન નંબર સહિતની યાદી | ૮૫ થી ૯૪ |
| ૨૫. | નિગમના જિલ્લાઓમાં સંગ્રહ કરેલ બારદાનની વિગત દર્શાવતું પત્રક | ૯૫ થી ૯૭ |
| ૨૬ | અંગ્રેજીમાં હિસાબો રજુ કરવાના અંગ્રેજી પત્રકો નિયત નમુનામાં (૧૦ પત્રકો) | ૯૮ થી ૧૦૬ |
| | | |

**ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સાહસ)
રજીસ્ટર્ડ ઓફીસ : સેકટર-૧૦.એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નં.ફોન નં.: ૩૨૨૧૦૭૨/૩૨૨૧૪૫૨ ફેકસ : (૦૭૯) ૩૨૨૨૭૦૭-૨૦૪૦૯

નં.૨૧૧/એમએસપી/ઘઉં/પ્રાપ્તિ/આરએમએસ/૨૦૧૭–૧૮/ તા. ૦૭/૦૩/૨૦૧૭

પ્રતિ,
૧.સીટી મેનેજરશ્રી,
૨.નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨)(તમામ),
ગુ.રા.ના.પુ.નિગમ લી.,
....................

વિષયઃ– રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ માટે લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા અંગે
સંદર્ભઃ– અ.ના.પુ અને ગ્રા.બા.ના વિભાગનો ઠરાવ ક્રમાંક/આરએમએસ/ ૧૪–૨૦૧૬/ જીઓઆઈ/૪૧૨/ક,તારીખ ૧૬/૨/૨૦૧૭

રાજય સરકાર ધ્વારા રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ માં ઘઉંના ભાવ લઘુત્તમ ટેકાના ભાવથી નીચા જાય તો ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનો નિર્ણય કરેલ છે. તદ્‌અનુસાર રાજયમાં ઘઉંનું ઉત્પાદન ધ્યાને લઈ ઘઉંની પ્રાપ્તિ કરવા ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.,ને " નોડલ એજન્સી તરીકે " નિયુકત કરેલ છે.(ઠરાવની નકલ સામેલ છે)

ખેતી નિયામકશ્રી પાસેથી ઘઉંના વાવેતર અને ઉત્પાદનના આંકડા ધ્યાને લઈ ઘઉંની ૫૦,૦૦૦ મે.ટનની પ્રાપ્તિનો અંદાજ મુકવામાં આવેલ છે.

રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ માં લઘુત્તમ ટેકાના ભાવ રુા.૧૬૨૫/ પ્રતિ કવીન્ટલના ભાવે પ્રાપ્તિની કામગીરી તા. ૧૫ મી માર્ચ–૨૦૧૭ થી તા. ૩૧ મી મે–૨૦૧૭ સુધી કરવાની રહેશે. જે અગેનું જરૂરી તમામ આયોજન હાથ ધરવા અંગેનું વિગતવાર માર્ગદર્શન નીચે મુજબ છે.

**(૧) ખરીદ કેન્દ્રોની સ્થાપનાઃ-**

રાજયના જે જિલ્લામાં ઘઉંનું ઉત્પાદન થતું હોય તેવાં જિલ્લાના નિગમના / ભાડે રાખેલ ગોડાઉન કેન્દ્રો તથા જે તે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે ઘઉંની ખરીદી માટેના કેન્દ્રો ઉભા કરવાના રહેશે. ખેડૂત ધ્વારા જે જથ્થો ખરીદ કેન્દ્ર ખાતે વેચવા માટે લાવવામાં આવે ત્યારે રાજય સરકારશ્રી ધ્વારા નિયત કરેલ રેકર્ડ અને

ખેડૂતપોથી સાથે લાવે તેજ જથ્થાની ખરીદી કરવાની રહેશે તથા જે ખેડૂતનો જથ્થો ખરીદવામાં આવેલ હોય તે અંગેની ખેડૂતપોથીમાં જે તે ખરીદ કેન્દ્ર ખાતે આવેલ ગ્રેડર / ગોડાઉન મેનેજરશ્રીએ સહીસિકકા કરી નોંધ કરવાની રહેશે. નિગમ ધ્વારા જાહેર કરેલા ખરીદ કેન્દ્રોની યાદી (પરિશિષ્ટ–૧ મુજબ) આ સાથે સામેલ રાખેલ છે.

વધુમાં સ્થાનિક કક્ષાએ વધારાના ખરીદ કેન્દ્રો ખોલવાની જરુરીયાત હોય તો જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સાથે પરામર્શ કરી તેઓના માર્ગદર્શન અનુસાર ખરીદ કેન્દ્ર શરુ કરી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

આપના જિલ્લાની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ / મંડી કે જયાં ઘઉની હરરાજી તેમજ ઘઉના જથ્થાનું ખરીદ વેચાણ થતું હોય ત્યાં આપના જિલ્લાના પ્રતિનિધિ અચૂક હાજર રહે અને માર્કેટયાર્ડમાં જો ઘઉના ભાવ ટેકાના ભાવથી નીચા જાય તો ખેડૂતોને ટેકાના ભાવે રાજય સરકાર ધ્વારા ઘઉના જથ્થાની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગે સમજૂત કરી જથ્થાની ખરીદી કરવાની રહેશે. વધુમાં આપના જિલ્લાના પ્રતિનિધિ સંબંધિત એ.પી.એમ.સીમાં હરાજી વખતે હાજર રહેલ છે તે અંગેનું પ્રમાણપત્ર તથા રોજેરોજ એ.પી.એમ.સીના ઘઉના લઘુત્તમ અને મહત્તમ મંડીના ભાવો અને કેટલા જથ્થાની આવક થયેલ છે વિગેરેની વિગતો વડીકચેરીને રોજેરોજ મોકલવાની રહેશે.

(૨) **ટેકાના ભાવોઃ-**

ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના પત્ર 4(1)2016-PY.I તા.૨૪/૧૧/૨૦૧૬ ના પત્રથી રવિ પાક– ૨૦૧૬–૧૭ ( રવિ માર્કેટીગ સીઝન ૨૦૧૭–૧૮ ) માટે ઘઉનો લઘુત્તમ ટેકાનો ભાવ પ્રતિ કવીન્ટલ રુા.૧૬૨૫/ નિયત કરવામાં આવેલ છે તે મુજબ યુનિફોર્મ સ્પેશીફિકેશન હેઠળ આવતા ઘઉનો જથ્થો ટેકાના ભાવે ખરીદી માત્ર ગુજરાત રાજયના ખેડૂત પાસેથી ગુજરાતમાં ઉત્પાદિત ઘઉની કરવાની રહેશે.

(૩) દરેક ખરીદ કેન્દ્ર ખાતે રાજય સરકાર ધ્વારા ટેકાના ભાવે ઘઉની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગેનું બેનર લગાવવાનું રહેશે. જેમાં લઘુત્તમ ટેકાના ભાવો યુનિફોર્મ સ્પેશીફિકેશન / એફ.એ.કયુ (FAIR AVERAGE QUALITY)/ સામાન્ય ગુણવત્તા ધરાવતો ઘઉનો જથ્થો ખરીદવામાં આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. ખરીદ કેન્દ્ર ખાતે ટેકાના ભાવ કરતાં નીચા ભાવે વેચાણ થવાના કિસ્સામાં ખેડૂતોને રાજય સરકાર ધ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહેલ છે તે બાબતની જાણકારી /સમજ આપી એફ.એ.કયુ કવોલીટીનો ઘઉનો જથ્થો ખરીદવાની કાર્યવાહી કરવાની રહેશે.

## (ખાસ તકેદારી )

**જે કિસ્સામાં ખેડૂતનો જથ્થો એફ.એ.કયુ કવોલીટીનો ન હોય અને આવો જથ્થો ટેકાના ભાવે ખરીદી શકાય તેમ ન હોય તો તે જથ્થાનું સેમ્પલ લઈ, આ જથ્થો કયા કારણથી ખરીદી શકાય તેમ નથી તેની નોંધ પરિશિષ્ટ– ૧૨ પ્રમાણે રાખવાની રહેશે. આવા નમુના પણ અન્ય સૂચના ના મળે ત્યાં સુધી જે તે ખરીદ કેન્દ્ર / એજન્સી ખાતે યોગ્ય રીતે જાળવણી કરી સાચવવાના રહેશે તથા ખરીદીની કામગીરી પૂર્ણ થયેથી ખરીદી અંગેના જરુરી રજીસ્ટરો/ તમામ રેકર્ડ જિલ્લા કચેરી ખાતે યોગ્ય રીતે સાચવી રાખવાના રહેશે.**

(૪) જે તે જિલ્લા / તાલુકાના ખેડૂતો ધ્વારા તેમના ધ્વારા ઉત્પાદિત ઘઉના જથ્થાનું ટેકાના ભાવે વેચાણ માટે નિગમના ગોડાઉન ખાતે રાજય સરકારની પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ પોર્ટલ ઉપર પ્રોકયોરમેન્ટ મેનુમાં ઓન લાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે તે અંગે નિયત કરેલ સમયગાળામાં કરવા અંગે નોંધણી ફોર્મનો નમુનો આ સાથે સામેલ રાખેલ છે,જે ધ્યાને લઈ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરી ખરીદી અંગે આગળની કાર્યવાહી કરવાની રહેશે.

લઘુત્તમ ટેકાના ભાવે ઘઉની ખરીદી ખરેખર ખેડૂતો પાસેથી ચાલુ સીઝનના ઉત્પાદન પૈકી જ કરવાની છે.કોઈ **વેપારી કે દલાલો પાસેથી નહી.**આ ખરીદી ખેડૂતો પાસેથી ૭/૧૨ તથા ૮/અ ના વર્ષ ૨૦૧૬–૧૭ ના ઉતારાની નકલ મેળવવાની રહેશે. ખેડૂતો ધ્વારા તેમનો જથ્થો વેચાણ માટે લાવતી વખતે ઉપર જણાવેલા દસ્તાવેજ લઈને આવે તે અંગેની પ્રસિધ્ધિ કરવાની રહેશે.

<u>કૃષિ નિયામકશ્રી ધ્વારા જિલ્લાવાર ગત વર્ષના સરેરાશ હેકટરદીઠ ઉત્પાદનના આંકડા જાહેર કરેલ છે તે મુજબ ખેડૂતો પાસેના ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં હેકટરદીઠ વાવેતરનો પુરાવો ધ્યાને લઈ જથ્થો ખરીદ કરવાનો રહેશે.</u> (નાયબ નિયામકશ્રી, કૃષિ,ગુજરાત રાજય, ગાંધીનગરના ઘઉના વાવેતર અંગેના વર્ષ ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭ ના તારીખ ૬/૨/૨૦૧૭ ના રીપોર્ટની નકલ સામેલ રાખેલ છે) તે અનુસાર ખેડૂતો પાસેથી જથ્થો ખરીદવામાં આવે ત્યારે તે અંગેની નોંધ ખેડૂતપોથીમાં કરવાની રહેશે તેમજ રોજેરોજ ખરીદેલ જથ્થાની વિગતો રાજય સરકારને ઉપલબ્ધ કરવાની રહેશે.

(૫) સામાન્ય રીતે જિલ્લાના તાલુકા મથકે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી) ખાતે ભારતીય ખાધ્ય નિગમ (એફસીઆઈ) ધ્વારા ટેકાના ભાવે ઘઉની ખરીદી માટેના ખરીદ કેન્દ્ર ખોલવામાં આવે તે સ્થળે નિગમ ધ્વારા ખરીદ કેન્દ્ર ખોલવાનું રહેશે નહી.

(૬) **ટેકાના ભાવે ખરીદીની પધ્ધતિ**

ટેકાના ભાવે ઘઉની ખરીદી વિકેન્દ્રીત ખરીદીના ભાગરૂપે રાજય સરકાર વતી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ ધ્વારા કરવામાં આવશે. ગુ.રા.ના.પુ.નિગમ લી., ધ્વારા જે તે જિલ્લાના તાલુકા / નિગમના ગોડાઉનને ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરેલ છે, તેની યાદી સામેલ રાખેલ છે **(પરિશિષ્ટ–૧)** સંબંધિત ખેડૂત ઘઉંનો જથ્થો નિગમના ગોડાઉન કેન્દ્ર ખાતે વેચાણ માટે લાવશે અથવા નિગમના અધિકૃત ગ્રેડર ધ્વારા સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરી,પ્રાપ્ત થયેલ જથ્થો નિગમના નિયત ગોડાઉન ઉપર મોકલાવશે. આ જથ્થો વેચનાર ખેડૂત જ છે તેમજ તે તેનાં ઉત્પાદન પૈકી આ જથ્થો વેચવા માટે લાવેલ છે તેની ખાત્રી ૭/૧૨ તેમજ ૮/અ ના ઉતારાની નકલ ધ્યાને લઈ કરવાની રહેશે અને તેની નકલ તેમની પાસે મેળવી જથ્થો યુનિફોર્મ સ્પેશીફિકેશન / એફ.એ.કયુ ( ફેર એવરેજ કવોલીટી) માં આવતો હોય તો સ્વીકારવાનો રહેશે અને ખેડૂત પાસેથી જેટલો જથ્થો સ્વીકારવામાં આવ્યો હોય તે અંગેની જરુરી નોંધ કરી ગ્રેડર/ગોડાઉન મેનેજર ધ્વારા ખેડૂતપોથીમાં સહીસિકકા કરી આપવાના રહેશે.

ટેકાના ભાવે ઘઉંની ખરીદી માત્ર ગુજરાત રાજયના ખેડૂતો પાસેથી ગુજરાતમાં ઉત્પાદિત ઘઉંની જ કરવાની રહેશે.

ઘઉંની ખરીદી શરુ થાય ત્યારે તબકકાવાર નીચેની વિગતે તેનાં એક– એક પોસ્ટકાર્ડ સાઈઝના ફોટોગ્રાફ લઈ તેની એક–એક નકલ આપના રેકર્ડમાં ઉપલબ્ધ રાખવાની રહેશે.

(અ) સંબંધિત એ.પી.એમ.સીના નામ સહિત તે એ.પી.એમ.સીમાં લગાડવામાં આવેલ બેનરની વિગત દર્શાવતો ફોટોગ્રાફ

(બ) ખેડૂત ધ્વારા જથ્થો ઓફર થયેથી ખેડૂતની હાજરીમાં નિગમના ગ્રેડર ધ્વારા તેમાંથી પધ્ધતિસર લેવામાં આવતા નમુનાની પ્રક્રિયાને આવરી લેતાં ફોટોગ્રાફ

(ક) જથ્થો સ્વીકૃત થયેથી તેનું ૫૦ કિલોગ્રામની ગુણીઓમાં સમભરતી કરવાની પ્રક્રિયા દર્શાવતા ફોટોગ્રાફ

(ડ) આ ગુણીઓ ઉપર લગાવેલ સ્ટેન્સીલ સ્પષ્ટ રીતે વંચાય તે રીતે લગાડેલ સ્ટેન્સીલ દર્શાવતા ફોટોગ્રાફ

નીચેની વિગતો તપાસણી કરી જથ્થો સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે.

- ૭/૧૨ તથા ૮/અ ના ઉતારા વર્ષ ૨૦૧૬-૧૭ ના હોવા જોઈએ (નમુનો આપેલ છે.) **(પરિશિષ્ટ'ર મુજબ)**
- ૭/૧૨ તથા ૮/અ માં ઘઉંના કેટલા હેકટર/ એકરમાં વાવેતર થયેલ છે તે જોવાનું રહેશે.
- કૃષિ નિયામકશ્રી ધ્વારા જિલ્લાવાર ગત વર્ષના સરેરાશ હેકટરદીઠ ઉત્પાદનના આંકડા જાહેર કરેલ છે તે મુજબ ખેડૂત પાસેના ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં હેકટરદીઠ વાવેતરનો પુરાવો ધ્યાને લઈ જથ્થો ખરીદ કરવાનો રહેશે. (નાયબ નિયામકશ્રી, કૃષિ,ગુજરાત રાજય, ગાંધીનગરના ઘઉંના વાવેતર અંગેના વર્ષ ૨૦૧૩-૧૪,૨૦૧૪-૧૫,૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ ના તારીખ ૬/૨/૨૦૧૭ ના રીપોર્ટની નકલ આ સાથે સામેલ રાખેલ છે તે અનુસાર ખેડૂતો પાસેથી જયારે જથ્થો ખરીદવામાં આવે ત્યારે તે અંગેની નોંધ ખેડૂતપોથીમાં કરવાની રહેશે
- કોઈપણ સંજોગોમાં ખેડુત સિવાય અન્ય વ્યકિત, વેપારી ,સંસ્થા કે દલાલ (આડતીયા) પાસેથી જથ્થો સ્વીકારાય નહીં તેની ખાસ કાળજી રાખવાની રહેશે. જે તે ખેડૂતનો જથ્થો ખરીદવામાં આવેલ હોય તે અંગેના ૭/૧૨ અને ૮/અ ના ઉતારાના રેકર્ડ મેળવી જથ્થાની ખરીદી કરવાની રહેશે.આ અંગે કોઈ ચૂક થશે તો ગ્રેડર/ગોડાઉન મેનેજરની જવાબદારી રહેશે.કોઈ કિસ્સામાં ૭/૧૨ તથા ૮/અ ની બાબતમાં મુશ્કેલી જણાય તો વિભાગના તારીખ ૨૩/૩/૨૦૧૧ ના પત્રક્રમાંક/સીએસસી/૧૦/૨૦૧૦/ ૧૪૩/ક.૧ ના પત્ર અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. પત્રની નકલ સામેલ છે.
- જે ખેડૂતનો જથ્થો સ્વીકારવામાં આવ્યો હોય તે ખેડૂતપોથીમાં જે પાના ઉપર નોંધ કરવા જેટલી જગ્યા હોય તે પાના ઉપર કેટલો જથ્થો સ્વીકારવામાં આવ્યો છે તેની નોંધ કરવાની રહેશે. ખેડૂતપોથીમાં નિગમના અધિકૃત ગ્રેડર/ ગોડાઉન મેનેજરએ સહી-સીકકા કરી આપવાના રહેશે.અ.ના.પુ અને ગ્રા.બા.ના વિભાગના ઠરાવ ક્રમાંક/સીએસસી/૧૦૨૦૧૧/૨૨૪૪/ક,તારીખ ૩/૪/૨૦૧૨ અન્વયે જો કોઈ ખેડૂત પાસે ખેડૂતપોથી ઉપલબ્ધ ના હોય તો ખેડૂત ખાતેદારની બેંક પાસબુકમાં જરુરી નોંધ કરવાની રહેશે. (પત્રની નકલ સામેલ છે)
- જો કોઈ કિસ્સામાં ખેડૂત ધ્વારા તેઓનો જથ્થો એ.પી.એમ.સી ખાતે સ્વીકારવા અંગે આગ્રહ રાખવામાં આવે તો આવો જથ્થો એ.પી.એમ.સી ખાતે સ્વીકારવાનો રહેશે અને તેનો કામચલાઉ સંગ્રહ એ.પી.એમ.સી ખાતે કરવા માટે એ.પી.એમ.સીના અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરી ખરીદ કરેલ જથ્થાના સંગ્રહ અંગેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ૧૦ ટન કે તેથી વધારે જથ્થો ઉપલબ્ધ થાય કે તુર્તજ આવો જથ્થો જે તે દિવસે સાંજે નિગમના નિયત થયેલ ગોડાઉન ખાતે, નિગમના નિયત કરેલ પરિવહન ઈજારદાર મારફત ખેડૂતવારના પૃથ્થકરણ રીપોર્ટ સાથે અચૂક પહોંચાડવાનો રહેશે.સંબંધિત ગોડાઉન મેનેજરશ્રીએ પૃથ્થકરણ રીપોર્ટમાં યુનિફોર્મ સ્પેશીફિકેશન મુજબ પાસ થયેલ હોય તેવો અને આવક થયેલ જથ્થાને રીપોર્ટ સાથે જ સ્વીકારવાનો રહેશે.

- જથ્થો જે તે ખરીદ કેન્દ્ર ખાતેથી સીધો અન્ય ગોડાઉન / જિલ્લામાં ટ્રાન્સફર કરવાના સંજોગોમાં જરુરી નોંધ /રિકર્ડ પૃથ્થકરણ રીપોર્ટ વિગેરે સંબંધિત જે તે ખરીદ કેન્દ્રના ગોડાઉન કેન્દ્ર ખાતે રાખવાના રહેશે અને ત્યારબાદ જ ખરીદ કરેલ જથ્થો નિયમઅનુસાર અન્ય જગ્યાએ ટ્રાન્સફર કરવાનો રહેશે.

(૭) **ગુણવત્તા ચકાસણી / સંગ્રહ અને જાળવણી બાબત:-**

ઘઉની ગુણવત્તા ચકાસણી અંગે કયુ.સી શાખા ઘ્વારા રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ ના ટેકાના ભાવે ઘઉ (WHEAT) ની ખરીદીના ધારા–ઘોરણ તથા ખરીદવામાં આવતાં જથ્થાનું ગ્રેડીગ,સંગ્રહ અને જાળવણી બાબતનો પરિપત્ર નં. નાપુનિ/ કયુ.સી/ ૩૧૮૧/ એમએસપી/ ઘઉ/સ્પેશીફિકેશન/ પરિપત્ર/ ૨૦૧૭–૧૮/ ૬૫૫/૧૦૮૨૩ તારીખ ૨૭/૨/૨૦૧૭ થી બહાર પાડવામાં આવેલ પરિપત્ર અનુસાર કામગીરી કરવાની રહેશે.

લઘુત્તમ ટેકાના ભાવે ખરીદ કરેલ ઘઉના જથ્થાની ગુણી / જયુટ બારદાન ઉપર ખરીદ કરનાર સંસ્થાનું નામ તથા સરનામુ વિગેરેની વિગત નીચેના નમુનામાં બ્લ્યુ રંગથી ફરજીયાત સ્ટેન્સીલ લગાવવાનું રહેશે.

| | |
|---|---|
| ખરીદ કેન્દ્ર અને જિલ્લાનું નામ | |
| ખરીદ એજન્સીનું પુરું નામ | |
| જન્સી | ઘઉ |
| નેટ વજન | ૫૦ કિલોગ્રામ |
| રવિ માર્કેટીગ સીઝન– | ૨૦૧૭–૧૮ |

ટેકાના ભાવે ખરીદ કરેલ ઘઉની ગુણવત્તા તેમજ અન્ય બાબતોની ચકાસણી કેન્દ્ર સરકાર,રાજય સરકાર તેમજ નિગમની વડીકચેરી ઘ્વારા સમયાંતરે કરવામાં આવશે. આ દરમ્યાન જથ્થો હલકી ગુણવત્તા તથા ઓછા વજનમાં જણાશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે ગ્રેડર/ ગોડાઉન મેનેજરની રહેશે.

ખરીદ કેન્દ્ર ખાતે ઘઉની પ્રાપ્તિ વખતે નિગમના અધિકૃત ગ્રેડરના પૃથ્થકરણ રીપોર્ટ સાથે નિગમના નિયત સંગ્રહ સ્થાને જિલ્લાના માન્ય પરિવહન ઈજારદાર ઘ્વારા જથ્થો મોકલાવેલ હોય ત્યારે તે જથ્થો પૂરતાં વજનમાં અને ગુણવત્તાની પૂરતી ચકાસણી કર્યા પછી જ તે જથ્થો ગ્રેડીગ રીપોર્ટ સાથે ગોડાઉન મેનેજરશ્રીએ સ્વીકારવાનો રહેશે.નિગમના ગુણવત્તા ચકાસણીના પ્રતિનિધિ ઘ્વારા કરેલ ગુણવત્તા ચકાસણી આખરી ગણવામાં આવશે.

જે તે ખરીદ કેન્દ્ર ખાતેથી જથ્થો ખરીદ કરી નિગમના ગોડાઉન ઉપર પહોંચતો કરવામાં આવે ત્યારે તેની સાથે ખરીદ કરેલ ઘઉના જથ્થા અંગેનો ગ્રેડીગ / પૃથ્થકરણ રીપોર્ટની એક નકલ ગોડાઉન મેનેજરશ્રીને ફરજીયાત મોકલવાની રહેશે ત્યારબાદ જ ગોડાઉન મેનેજરશ્રી ઘ્વારા આવક થયેલ તે જથ્થો યોગ્ય જણાય તો જ

વાહનમાંથી ઉતારી સ્વીકારવાનો રહેશે. આવા સ્વીકરેલ જથ્થા અંગેના પૃથ્થકરણ અહેવાલની નકલ પણ યોગ્ય રીતે ગોડાઉન ઉપર ફરજીયાત નિભાવવાની રહેશે. (દા.ત પાંચ કે છ ખેડૂતનો ખરીદ કરેલ જથ્થો એક ટ્રકમાં ૧૦ મે.ટન જેટલો ભરી નિગમના ગોડાઉન ઉપર સંગ્રહ માટે મોકલવામાં આવે ત્યારે ટ્રકમાં ભરેલ સમગ્ર જથ્થાનો ગ્રેડીગ / પૃથ્થકરણ રીપોર્ટ ખેડૂતવારની એક નકલ ગોડાઉન મેનેજરશ્રીને ફરજીયાત મોકલવાની રહેશે. )

સમભરતી કરેલ ઘઉના બારદાન ઉપર ઓછામાં ઓછા ૧૦ ટાંકા લગાવવાના રહેશે /મશીન સિલાઈ કરવાની રહેશે. તેથી ઓછા ટાંકા લગાવાયેલા હશે અથવા તો ખામી ભરેલું સ્ટેનસીલ લાગેલું હશે તો ૫૦ કિલોના પ્રતિ કટ્ટા દીઠ રૂા.૧/ પ્રમાણે જે તે લેબર કોન્ટ્રાકટરના બિલમાંથી કપાત કરવામાં આવશે તથા જે કટ્ટા / ૫૦ કિલો બારદાન ઉપર ઓછા ટાંકા લગાવેલા હોય તો તેવા કટ્ટાનું ફરીથી પૂરતાં ટાંકા જે તે લેબર કોન્ટ્રાકટરશ્રીએ લગાવવાના રહેશે. વધુમાં આવા કટ્ટા ઉપર યોગ્ય રીતે સ્ટેનસીલ લગાવવામાં આવેલ નહી હોય તો તે કામગીરી પણ તેમની પાસે પૂર્ણ કરાવ્યા પછી જ લેબર બિલના ચૂકવણાંની દરખાસ્ત ગોડાઉન મેનેજરશ્રીએ કરવાની રહેશે

(૮) **અન્ય આનુસાંગિક ખર્ચ**

ઘઉની ખરીદી નિગમના ગોડાઉન કેન્દ્ર ખાતે કરવાની થાય ત્યારે નિગમના જે તે ગોડાઉનના નિયત લેબર કોન્ટ્રાકટર મારફતે કરવાની રહે છે. ખેડૂત ધ્વારા ઓફર કરવામાં આવેલ ઘઉના જથ્થાનો સ્વીકાર કરતી વખતે ભરાઈ/ સિલાઈ/ સ્ટેકીંગ /સમભરતી વિગેરે તમામ કામગીરી જે તે ગોડાઉન કેન્દ્રના માન્ય લેબર કોન્ટ્રાકટર મારફત કરાવવાની રહેશે તેમજ આ અંગે જથ્થો અલગ સ્ટેકમાં સંગ્રહ કરી તેની નોંધ રાખવાની રહેશે અને આ માટે નિયત થયેલ દર મુજબ લેબર કોન્ટ્રાકટરને ચૂકવણું કરવાનું રહેશે. લેબરબિલ રજૂ કરવાની હાલની પ્રથા મુજબ તેનું ચુકવણું કરવાનું રહેશે. આ અંગે થયેલ તમામ ખર્ચની વિગતો અલગ રીતે **ટેકાના ભાવે ઘઉની ખરીદી** ના હેડ હેઠળ અલગ હિસાબો બનાવી MSP શાખામાં જન્સીવાર બતાવવાના રહેશે.

(૯) **સંગ્રહ વ્યવસ્થાઃ-**

નિગમ ધ્વારા જે કોઈ જથ્થો ખરીદવામાં આવે તે જથ્થો નિગમ ધ્વારા નિયત કરવામાં આવેલ નિગમના / ભાડાના ગોડાઉનોમાં સંગ્રહ કરવાનો રહેશે. જથ્થાના સંગ્રહ માટે નિગમની ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે. આ માટે સંબંધિત જિલ્લાના તમામ ગોડાઉનોમાં વધુમાં વધુ જથ્થો સંગ્રહ કરી શકાય તેવું આયોજન હાથ ધરવાનું રહેશે. કોઈ ખરીદ કેન્દ્ર ઉપર ખેડૂતો ધ્વારા વધુ જથ્થો વેંચાણ માટે આવે અને સંગ્રહ શકિતની પૂરી વ્યવસ્થા ન હોય તેવા સંજોગોમાં ગોડાઉન ભાડે રાખવાની જરુરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં આગોતરા

આયોજનના ભાગરૂપે ભાડાનું ગોડાઉન મેળવવા અંગેની પૂર્વ--મંજૂરી જિલ્લા કક્ષાની સમિતિ પાસેથી મેળવવાની રહેશે. નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો ઉપયોગ કર્યા બાદ વધુ સંગ્રહ વ્યવસ્થાની જરુર જણાય તો જિલ્લા કક્ષાએ બનાવેલ સમિતિમાં નિર્ણય કરી ભાડાના ગોડાઉનો મેળવવાના રહેશે અને ભાડાના પ્રવર્તમાન દરો ધ્યાને લઈ સરકાર અને નિગમના હિતમાં નિર્ણય કરવાનો રહેશે. સામાન્ય રીતે સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન, ભારતીય ખાદ્ય નિગમ,નાબાર્ડ પાસે ઉપલબ્ધ સંગ્રહ શકિતનો ઉપયોગ કરવાનો રહેશે.આમ છતાં, સ્થાનિક જરુરિયાતને લક્ષમાં લઈ જરુર જણાયે અન્ય સહકારી / ખાનગી સંસ્થાઓ પાસે સંગ્રહ શકિત ઉપલબ્ધ હોય તેનો ઉપયોગ પણ કરી શકાશે. અનાજ સંગ્રહ માટે ભાડાના ગોડાઉનો મેળવતા પહેલા કવોલીટી કન્ટ્રોલના જાણકાર જિલ્લાના ડી.જી.આઈશ્રી, સંબંધિત નાયબ જિલ્લા મેનેજરશ્રી (ગ્રેડ.૨) પાસે ભાડાનું ગોડાઉન સંગ્રહ માટે લાયક છે કે કેમ? તેની ખાત્રી / પ્રમાણપત્ર મેળવ્યા પછી જ ભાડાના ગોડાઉનમાં જથ્થાનો સંગ્રહ કરી શકાશે.

અનાજનો સંગ્રહ દરિયાકાંઠાના વિસ્તારમાં ખારાશ અને ભેજ (હયુમીડીટી) નું પ્રમાણ વધુ રહેતુ હોય વધુ લાંબા સમય સુધી ઘઉંનો જથ્થો સંગ્રહમાં રાખવામાં આવે તો જથ્થો બગડે નહી તે બાબત ધ્યાનમાં લઈ, તે જિલ્લાની ત્રણ માસની જરુરીયાત જેટલો જ જથ્થો રાખી બાકીનો જથ્થો નજીકના જિલ્લામાં તબદીલ અંગેનું આયોજન કરવાનું રહેશે જયારે જથ્થો વિતરણ / ટ્રાન્સફર કરવાનો થાય ત્યારે પ્રથમ ભાડાના ગોડાઉનમાં સંગ્રહ કરેલ જથ્થો વિતરણ /ટ્રાન્સફર કરવાનો રહેશે.

**(૧૦) પરિવહનઃ-**

નિગમના ગોડાઉન ખાતે જો કોઈ ખેડૂત તેમનું ઉત્પાદન સીધે સીધુ વેચાણ કરવા માંગતા હોય તો તેવા કિસ્સાઓમાં ખેડૂતોને ઘઉંની ગુણવત્તાની પુરેપુરી જાણકારી આપીને જથ્થો ગોડાઉન ઉપર સ્વીકારી શકાશે. ઉપરાંત જો કોઈ ખેડૂત તેમનું ઉત્પાદન સંબંધિત એ.પી.એમ.સી ખાતે લાવેલ હોય અને તેમને આ જથ્થો નિગમના નજીકના ગોડાઉન ઉપર વેચાણ કરવા માટે વિનંતી કરવાની થાય તો તેવા સંજોગોમાં તેમને જરુરી માહિતી પુરી પાડી જથ્થો ગોડાઉન ઉપર પહોંચાડે તેવી ખેડૂતને સમજણ આપવાની રહેશે.પરંતુ ખેડૂત આ જથ્થો માત્ર એ.પી.એમ.સીમાં વેચવાનો આગ્રહ રાખે તો સંબંધિત એ.પી.એમ.સીમાં ટેમ્પરરી સંગ્રહની વ્યવસ્થા ગોઠવી જથ્થો નિગમના પરિવહન ઈજારદાર ધ્વારા ગોડાઉનમાં લાવવાનો રહેશે. આમ છતાં જે તે ગોડાઉન કેન્દ્રની ક્ષમતા અનુસાર પુરેપુરો જથ્થો સંગ્રહ થાય ત્યારપછી જથ્થો નજીકના નિયત કરેલ ગોડાઉન ખાતે તબદીલ કરવાનો થાય તો નિગમના માન્ય ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર મારફતે જ આ જથ્થો હેરફેર કરવાનો રહેશે, જે અંગે નિયત શરતો અને બોલીઓ મુજબ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરને ચુકવણું કરવાનું રહેશે, જે અંગે **ટેકાના ભાવે ઘઉંની ખરીદીના** હિસાબો અલગથી રાખવાના રહેશે. ઘઉંનો ખરીદ કરેલ જથ્થો અન્ય જિલ્લાના નજીકના ગોડાઉનમાં સંગ્રહ કરવા માટે પરિવહન કરવાનો

પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે બંને જિલ્લાના પરિવહન ઈજારદાર પૈકી જેનાં સૌથી નીચા સ્લેબના દર હોય તે ઈજારદાર પાસે જથ્થાનું પરિવહન કરવાનું રહેશે. પરંતુ જે તે જિલ્લાના નિગમના ગોડાઉનની સંગ્રહ શકિતનો પુરેપુરો ઉપયોગ કર્યા વગર ભાડાના ગોડાઉનનો ઉપયોગ કરવામાં આવશે તો તે અંગેની નાણાંકીય જવાબદારી સંબંધિત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) ની રહેશે. જથ્થાના પરિવહન / મજૂરી ખર્ચ અંગે માર્ગદર્શનની જરુરીયાત હોય તો તે વડીકચેરી ખાતે એલ.ટી.સી શાખા પાસેથી મેળવ્યા પછી કાર્યવાહી કરવાની રહેશે.

**(૧૧) બારદાનઃ-**

ઘઉની ખરીદીના અંદાજ મુજબ ૫૦,૦૦૦ મે.ટન ઘઉના જથ્થાના સંગ્રહ માટે ૫૦ કિલોગ્રામની ભરતીવાળા નવા બારદાનનો પ્રથમ શણના બારદાન ત્યારબાદ એચડીપીઈ–પીપી બારદાનોના ઉપયોગ કરવાનો રહેશે. આ માટે ડી.જી.એસ. એન્ડ ડી પાસેથી ૨૦૧૩–૧૪ ના વર્ષમાં ખરીદવામાં આવેલ. ઉપલબ્ધ જયુટ ખાલી બારદાન જે તે જિલ્લા ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવશે, તે અનુસાર બારદાનનો ઉપયોગ કરવાનો રહેશે તેમ છતાં જે જિલ્લાને વધુ બારદાનની જરુરીયાત જણાય તો અગાઉથી વડીકચેરીને જણાવવાનું રહેશે.

કેન્દ્ર સરકારશ્રીની પ્રસ્થાપિત સૂચનાનુસાર ટેકાના ભાવે ખરીદેલ જથ્થાની સમભરતી કર્યા બાદ **મશીન સિલાઈ લાલ રંગના દોરાથી** કરવાની રહેશે,આમ છતાં અપવાદરૂપ કિસ્સામાં હાથ સિલાઈ કરવામાં આવે ત્યારે ઓછામાં ઓછા ૧૦ ટાંકા લગાવવાના રહેશે/ મશીન સિલાઈ કરવામાં આવે તે જોવાનું રહેશે તથા ગત રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૩–૧૪,૨૦૧૪–૧૫ કે તે અગાઉના બચત બારદાનના જથ્થાનો ઉપયોગ કરવામાં આવે તો તેનાં ઉપર રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ લખી બ્લ્યુ કલરનું સ્ટેશનીલ કરવાનું રહેશે.

**(૧૨) ખેડૂતને ચુકવણાંની પધ્ધતિઃ-**

ખેડૂતને ચૂકવણું RTGS/NEFT ટ્રાન્સફરથી /ઓન લાઈન પેમેન્ટ કરવાનું રહે છે, તેમાં ખેડૂત પાસેથી કોઈપણ કમિશન વસુલ કરવાનું નથી.

**ઘઉના જથ્થાનું ચુકવણું પ્રતિ કવીન્ટલ રુા.૧૬૨૫/ ના ભાવે કરવાનું રહે છે.**

ખેડૂતોને ચૂકવણાં કરવા માટે અગાઉ આર.એમ.એસ–૨૦૧૨–૧૩ દરમ્યાન તારીખ ૨૭/૦૨/૨૦૧૨ થી જરુરી સૂચનાઓ આપવામાં આવેલ જેમાં ચુકવણું એકાઉન્ટ પે ચેકથી કરવા જણાવવામાં આવેલ જેનાં બદલે હવેથી RTGS/NEFT ટ્રાન્સફરથી ખેડૂતોના બારોબાર ખાતામાં જમા થાય તે પ્રમાણે કરવાનું રહેશે. આ અંગે અત્રેના પત્ર નં.નાપુનિ/૨૧૧/અનજ/એમએસપી/કેએમએસ/ડાંગર/લઘુત્તમ ટેકા ભાવ, તારીખ ૧૭/૧૨/૨૦૧૬ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે. પત્રની નકલ સામેલ છે.

(અ) ખેડૂત ઘઉંનો જથ્થો ગોડાઉન કેન્દ્ર ખાતે વેચવા માટે લઈ આવે ત્યારે સૌ-પ્રથમ જથ્થાની ગુણવત્તાની ચકાસણી કરી તથા વેચાણ કરનાર વ્યકિત ખેડૂત જ છે અને આ જથ્થો તેનાં પોતાના ઉત્પાદન પૈકી વેચવામાં આવેલ છે તે અંગેની પૂરતી ખાત્રી કરી જથ્થો સ્વીકારપાત્ર થતો હોય તો , જથ્થો મળ્યા બદલની પહોંચ આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ જે તે ખેડૂતને આપવાની રહેશે. **(પરિશિષ્ટ- ૩ )**

૧. જે ખરીદ કેન્દ્ર ખાતે ચૂકવણું કરનાર અધિકારીશ્રીની નિયુકિત થયેલ હોય ત્યાં જરુરી દસ્તાવેજો ચકાસી જે તે ખેડૂતનું ચૂકવણું જે તે દિવસે RTGS/NEFT /ઓન લાઈન પેમેન્ટ કરવાનું રહેશે અને તેનાં આનુસાંગિક રીપોર્ટ ઉપર PAID & CANCLELED નો સિકકો લગાવી દેવાનો રહેશે.

૨. જે ખરીદ કેન્દ્ર ખાતે ચૂકવણું કરનાર અધિકારીશ્રીની નિમણૂંક ન થયેલ હોય ત્યાં જે તે ખરીદ અધિકારીશ્રીએ નાણાં શાખાના તા.૨૭/૨/૨૦૧૨ ના પત્ર અનુસાર જરુરી દરખાસ્ત ભલામણ સહિત જિલ્લા કચેરીને જે તે ખેડૂતને ચુકવણું RTGS/NEFT /ઓન લાઈન પેમેન્ટ કરવા મોકલી આપવાની રહેશે.

(બ) પ્રાપ્ત કરેલ જથ્થાની દરખાસ્ત નિયત નમુનામાં પ્રતિ કવીન્ટલ રુા.૧૬૨૫/ પ્રમાણે તૈયાર કરી તેની સાથે આનુસાંગિક દસ્તાવેજ જેવાં કે, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા /ગ્રેડીગ રીપોર્ટ, માલ મળ્યા બદલની પહોંચ વિગેરે જે તે દિવસે જિલ્લા કચેરીને પહોંચાડવાની રહેશે.

(ક) જે તે ખરીદ કેન્દ્ર ખાતેથી નિયત નમુનામાં ચૂકવણાંની દરખાસ્ત જરુરી દસ્તાવેજ સહિત વિગતો જિલ્લાને મોકલી આપવામાં આવે ત્યારે આ બિલની નોંધ જિલ્લા કચેરીમાં ઈન્વર્ડ રજીસ્ટરમાં કરવાની રહેશે. ત્યારપછી તેની ચકાસણી માટે નીચેના મુદાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.

ચૂકવણાં દરખાસ્તનો નમુનો સામેલ છે. **(પરિશિષ્ટ–૪)**

- જથ્થો મળ્યા અંગેની ગોડાઉન મેનેજરની નિયત રંગની પહોંચ ચકાસવાની રહેશે.
- ખરીદ કેન્દ્ર ખાતે જે કર્મચારી/ ગ્રેડર તથા ગોડાઉન મેનેજર તરીકે ફરજ બજાવતાં હોય તેઓના નામ-સરનામા તથા સહીનો નમુનો ઉપલબ્ધ રાખવાનો રહેશે અને ચુકવણું કરતી વખતે ખેડૂત ધ્વારા રજૂ કરવામાં આવેલ પહોંચમાં નિગમના પ્રતિનિધિની સહીનો નમુનો તપાસી લેવાનો રહેશે.
- નિગમની નિયત કરેલા નમુના સિવાયની કે સિરિયલ નંબર વગરની પહોંચના આધારે કોઈપણ સંજોગોમાં ચુકવણું કરવાનું રહેશે નહીં. તેમ છતાં આવી કાચી /ડૂપ્લીકેટ પહોંચ ઉપર ચૂકવણું થયેલ માલુમ પડશે તો તે અંગેની તમામ જવાબદારી ગ્રેડર/ ગોડાઉન મેનેજરની રહેશે તથા કાચી /ડુપ્લીકેટ પહોંચના આધારે જિલ્લા કક્ષાએ પેમેન્ટ થયેલું માલુમ પડશે તો તે અંગેની જવાબદારી પણ સંબંધિત ચૂકવણું કરનાર અધિકારીશ્રીની રહેશે.
- જથ્થાનું ચૂકવણું જથ્થો મળ્યાના વધુમાં વધુ એકથી બે દિવસમાં ખેડૂતને મળે તે મુજબની કાર્યસૂચિ રાખી નાણાં શાખાના તારીખ ૨૭/૨/૨૦૧૨ ના પત્ર અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

જે બીલોનું ચુકવણું થઈ જાય તેના ઉપર PAID & CANCLELED નો સિકકો મારી નાયબ જિલ્લા મેનેજર (ગ્રેડ.૨) એ સહી કરવાની રહેશે.

- ચુકવણાં અંગે નિયત નમુનાનું રજીસ્ટર જિલ્લા કચેરી ખાતે નિભાવવાનું રહેશે. **(નિયત નમુનો આ સાથે સામેલ રાખેલ છે) (પરિશિષ્ટ'૫')**
- ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂત દીઠ પેમેન્ટ રજીસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં ખેડૂત ધ્વારા આપવામાં આવેલ જથ્થો , તેની થતી કિંમત ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવે તેની વિગતો /ઓન લાઈન પેમેન્ટ વિગેરે નોંધવાનું રહેશે અને તેમાં જે તે ખેડૂતને ચૂકવણું મળ્યા બદલની પહોંચ મેળવવાની રહેશે. ચુકવણું કરતી વખતે **ખેડૂત પાસેથી જથ્થો મળ્યાની ઓરીજીનલ પહોંચ પરત** લેવાની રહેશે.

**(૧૩) રોજે રોજ વડીકચેરીએ મોકલવાની થતી માહિતી :**

સંબંધિત ગ્રેડર / ગોડાઉન મેનેજર ધ્વારા રોજે રોજ કેટલો જથ્થો કયા ખેડૂત પાસેથી ખરીદવામાં આવેલ છે તેની માહિતી જિલ્લા કચેરીને સાંજે ૫.૦૦ કલાકે મોકલી આપશે. **(નમુનો પરિશિષ્ટ-૬ માં સામેલ છે)**

રોજેરોજની ઘઉંની પ્રાપ્તિ જે ખરીદ કેન્દ્ર ધ્વારા કરવામાં આવે તે અંગેનો SMS / E-MAIL જિલ્લા કચેરી / વડીકચેરી ખાતે મોકલવાનો રહેશે. આ બાબતે નિગમની વડીકચેરી ખાતેની એમ.આઈ.એસ/ એમએસપી શાખા ધ્વારા જે નમુનામાં SMS / E-MAIL /ઓન લાઈન માહિતી માંગવામાં આવે.તે મોકલવાની રહેશે.

આપના જિલ્લાના સંબંધિત ગ્રેડર/ ગોડાઉન મેનેજર / પ્રતિનિધિ ધ્વારા જિલ્લાની તમામ એ.પી.એમ.સી કે જયાં ઘઉંના ખરીદ વેંચાણની કામગીરી ચાલતી હોય તેની રોજેરોજ મુલાકાત લઈ પ્રવર્તમાન ભાવોની જાણકારી મેળવવાની રહેશે તેમજ આ અંગેનો અહેવાલ વડીકચેરીને અચૂક મોકલવાનો રહેશે.

જિલ્લા કક્ષાએ રોજે રોજની ખરીદ કેન્દ્રવાર માહિતી એકત્રીત કરવાની રહેશે. આ માહિતી બીજા દિવસે ૧૧.૦૦ કલાકે વડીકચેરીમાં મેનેજર(MSP) ના નામજોગ ફેક્ષથી / ઈ.મેઈલથી મોકલી આપવાની રહેશે. **પરિશિષ્ટ.૭ (અ અને બ) ફેક્ષ નં.૦૭૯–૨૩૨૨૦૩૪૮ અને e.mail adress- gscscltd312@gmail.com** સ્વીકૃત /અસ્વીકૃત ખેડૂતોની સંખ્યામાં ૭/૧૨ માં જેટલા ખેડૂતના નામ દાખલ થયેલ હોય તે તમામની સંખ્યા ગણતરીમાં લઈને ખેડૂત તરીકે દર્શાવવાની રહેશે.

નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) ધ્વારા તેમના જિલ્લામાં આવેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ઘઉંની પ્રાપ્તીના સમયગાળા દરમ્યાન અઠવાડીયામાં ઓછામાં ઓછી બે વખત જાતે મુલાકાત લઈ ખરીદ પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓનું નિવારણ કરશે અને જોઈતું માર્ગદર્શન પુરું પાડશે અને આ અંગેનો અહેવાલ નિગમની વડી કચેરીની એમએસપીશાખાને મોકલી આપવાનો રહેશે.

ખરીદ કેન્દ્ર ધ્વારા જે તે ખેડૂત પાસેથી યુનિફોર્મ સ્પેશીફિકેશન મુજબનો ઘઉંનો જથ્થો ગ્રેડર / થર્ડ પાર્ટી ધ્વારા પૃથ્થકરણ કર્યા બાદ જ ગોડાઉન ઉપર સ્વીકારવાનો રહેશે તથા તે અંગેનો ગ્રેડીગ રીપોર્ટ ખેડૂતવાર / ટ્રકવાર જથ્થો ગોડાઉન પર સંગ્રહ માટે મોકલવામાં આવે ત્યારે તે અંગેના પૃથ્થકરણ રીપોર્ટની એક નકલ ફરજીયાત ગોડાઉન ઉપર મોકલવાની રહેશે તથા જે તે ગોડાઉન મેનેજરશ્રીએ આવક થયેલ ઘઉંના જથ્થાનો ગ્રેડીગ રીપોર્ટના આધારે જથ્થો યોગ્ય જણાયે ગોડાઉન ઉપર ઉતારવાનો રહેશે તથા તે અંગેના જરુરી રેકર્ડ / ગ્રેડીગ રીપોર્ટ ગોડાઉન મેનેજરે તેમના ગોડાઉન પર નિભાવવાના રહેશે.

લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી અન્વયે ખેડૂતોને ઉભી થતી મુશ્કેલીઓના નિવારણની કામગીરી માટે રાજય સરકારશ્રીએ નીચે મુજબની સમિતિની નિમણૂંક કરેલ છે.

| | | |
|---|---|---|
| (અ) | કલેકટરશ્રી | અઘ્યક્ષ |
| (બ) | જિલ્લા સહકારી રજીસ્ટ્રારશ્રી | સભ્ય |
| (ક) | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| (ડ) | જિલ્લા પુરવઠા અધિકારીશ્રી | સભ્ય |
| (ઈ) | નાયબ જિલ્લા મેનેજર(ગ્રેડ.૨)<br>ગુ.રા.ના.પુ.નિગમ લી., | સભ્યસચિવ |

જિલ્લા કલેકટરશ્રી પાસેથી એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે, ખરીદીની કામગીરીની સમીક્ષા તેઓ ધ્વારા સતત કરવામાં આવે તેમજ ખરીદી અંગે ઉપસ્થિત થતી મુશ્કેલીઓનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે.

**(૧૪) ટેકના ભાવે ખરીદી અંગેની જાહેરાતઃ–**

ટેકાના ભાવે ખરીદી અંગેનું બેનર સફેદ કપડા ઉપર તૈયાર કરવાનું રહેશે અને તે સંબંધિત ખરીદ કેન્દ્ર ખાતે લગાવવાનું રહેશે. આ ઉપરાંત એક વધારાનું બેનર સ્થાનિક ખેતીવાડી બજાર સમિતિના મુખ્ય ધ્વારે ખેડૂતોને સ્પષ્ટ રીતે નજરે પડે તેવી જગ્યાએ લગાવવાનું રહેશે.

નિગમ ધ્વારા જાહેર કરવામાં આવેલ ખરીદ કેન્દ્રના ગોડાઉન મેનેજરે સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીના સંપર્કમાં રહી ઘઉં ખરીદી કરવા માટેની ઓછામાં ઓછી જરુરીયાત જેવી કે, ખરીદી કરવા માટેની જગ્યા,વજન કરાવવા માટેના વજન–કાંટા તથા વજનીયાં,જરુરીયાત મુજબના મજૂરો વિગેરેની સગવડતાઓ મળી રહે તે બાબતની વિનંતી કરી, જરુરીયાત મુજબની સગવડતા/ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

વધુમાં નિગમ ધ્વારા ખરીદીની સરળતા માટે સંબંધિત ગોડાઉન મેનેજરનું નામ,રહેઠાણ/કચેરી ટેલીફોન નંબર તથા ગોડાઉનનું સરનામું આપવાનું રહેશે અને સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં હરાજીના સમય દરમ્યાન નિગમના અધિકૃત ગ્રેડર/ થર્ડ પાર્ટી ગુણવત્તા ચકાસણી કરતી એજન્સીએ સતત હાજર રહેવાનું રહેશે.હાજર રહયા અંગેની તેઓએ રોજનીશી બનાવવાની રહેશે અને

તારીખ ૧ થી ૧૦, ૧૧ થી ૨૦ અને ૨૧ થી ૩૦ /૩૧ સુધીની રોજનીશી જે તે જિલ્લા / સંબંધિત કચેરીએ જમા કરાવ્યા પછી જ ટી.એ / ડી.એ /થર્ડ પાર્ટીને ચુકવવાપાત્ર રકમનું ચુકવણું કરવાનું રહેશે.

**નમૂનો**

| |
|---|
| **ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ** |
| **(ગુજરાત સરકારનું સાહસ)** |
| **રવિ માર્કેટીગ સીઝન-૨૦૧૭-૧૮** |
| **રૂ.૧૬૨૫/ ના પ્રતિ કવીન્ટલ લેખે (એક મણના રૂ.૩૨૫)** |
| **ઘઉ ટેકાના ભાવે ખરીદી** |
| **ઓન લાઈન રજીસ્ટ્રેશન તા.૧/૩/૨૦૧૭ થી શરૂ** |
| **ખરીદીનો સમયગાળો તા.૧૫/૩/૨૦૧૭ થી ૩૧/૫/૨૦૧૭** |
| **જિલ્લો.............તાલુકો....................** |
| **ઓન લાઈન રજીસ્ટ્રેશન અને ખરીદીનું સ્થળ:-સરકારી અનાજ ગોડાઉન .........................** |
| **ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ .............** |
| **ગુણવત્તા:- યુનિફોર્મ સ્પેશીફિકેશન / ફેર એવરેજ કવોલીટી મુજબ** |
| **(કેન્દ્ર સરકારશ્રીના ધારા-ધોરણ અનુસાર)** |
| **ભેજના-ટકા ૧૨ , બાહય અશુધ્ધિના -ટકા ૦.૭૫ ,અન્ય ધાન્યના દાણા-ટકા ૨ અપરિપકવ અને તુટેલા દાણાના ટકા-૬, અંશતઃ બગડેલા દાણાના ટકા-૪, નુકશાનીવાળા દાણાના ટકા-૨,** |
| **ખેડૂતો પાસેથી બારદાન તથા ગુણવત્તા ચકાસણી માટેની કોઈ રકમ લેવામાં આવશે નહી.** |

**ખાસ નોધઃ-** ભારત સરકાર તરફથી રવિ પાક-૨૦૧૬-૧૭ (માર્કેટીગ સીઝન-૨૦૧૭-૧૮) ના યુનિફોર્મ સ્પેશીફિકેશનના પરિપત્ર મુજબની ગુણવત્તાનો ઘઉંનો જથ્થો ખરીદવાપાત્ર થશે. હાલ નવી સૂચના ના મળે ત્યાં સુધી ગત વર્ષના યુનિફોર્મ સ્પેશીફિકેશનનો અમલમાં રહેશે.નવા યુનિફોર્મ સ્પેશીફિકેશન મળ્યેથી તે પ્રમાણે અમલવારી કરવાની રહેશે.

ટેકાના ભાવે સીધી ખરીદી ખેડૂતો પાસેથી કરવા અંગે ખેડૂતોને પૂરતી જાણકારી મળી રહે તે માટે જિલ્લા કલેકટરની કચેરીના સંપર્કમાં રહી આ અંગે બહોળી પ્રસિધ્ધ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે .

બહોળી પ્રસિધ્ધિ માટે સ્થાનિક કક્ષાએ ૬" X ૮" ની સાઈઝના રંગબેરંગી પેમ્ફલેટ છપાવી , ગ્રામ્યકક્ષાએ વ્યાજબી ભાવના દુકાનદાર, સરપંચશ્રી, તલાટી- કમ - મંત્રી, ગ્રામસેવક, એ.પી.એમ.સીના ચેરમેન તથા અન્ય સહકારી સંસ્થાઓ, જિલ્લા વિસ્તારણ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, તાલુકા વિકાસ અધિકારી વિગેરેને મોકલી આપવાના રહેશે. (નમુનો આ સાથે સામેલ છે)

(૧૫) **ખરીદી અંગેની હિસાબની પધ્ધતિ :**

રોજે રોજની ખરીદીના અંદાજને અનુલક્ષીને કેટલા નાણાં ચુકવણાં માટે જરુરીયાત રહેશે તે નકકી કરી વડીકચેરીની હિસાબ શાખા પાસેથી ભંડોળ મેળવવાનું રહેશે. જેમાં ઘઉની ખરીદી માટે નાણાંની જરુરીયાત સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

- જિલ્લાકચેરીને નાણાંનો ડી.ડી. મળે તે નાણાં હાલની પ્રથા મુજબ ઓપરેટીવ હિસાબમાં જમા લેવાનો રહેશે અને આ નાણાં આ ખરીદી માટે જ વપરાશમાં લેવાના રહેશે.

- રોજે રોજ જે જથ્થો ખરીદ કરવામાં આવેલ હોય તે જથ્થાના ચુકવણાનું રજીસ્ટર આ સાથે સામેલ **પરિશિષ્ટ-૫** મુજબ નિભાવવાનું રહેશે.

- જથ્થો જે તે ખરીદ કેન્દ્રના ગોડાઉન ખાતે સ્ટેક રજીસ્ટરે /પત્રક-૮ માં જમા લેવાનો રહેશે.

- ખરીદી અને તેનાં આનુષાંગિક ખર્ચાનુ જે ચુકવણુ થાય તેને નિગમના હિસાબી પત્રક-૫ (બ) માં અનાજ શાખાના પત્રકમાં અલગથી ઘઉના હિસાબોમાં આ સાથે સામેલ **પરિશિષ્ટ-૮** મુજબ દર્શાવવાનું રહેશે અને તે વડીકચેરીની જિલ્લા હિસાબ શાખાને મોકલવાનું રહેશે.

- ખરીદી અંગેનું અદ્યતન રેકર્ડ નિભાવી તેનું ગોડાઉન વાર રીકન્સીલીએશન કરવાનું રહેશે. જેથી જથ્થો પૂરેપૂરો મળેલ છે કે કેમ ? તેની ખરાઈ થઈ શકે.
- આ ખરીદીના વ્યવહારોનું ઓડીટ આપના જિલ્લાના નિયુકત ઓડીટર મારફત નિયમોનુસાર કરાવવાનું રહેશે.
- ખરીદીના ચુકવણા અંગે ઉપર જણાવેલ કાર્યવાહી ઉપરાંત પણ જથ્થાનું બેવડુ ચુકવણું ન થાય તે માટે જિલ્લા કક્ષાએ જરુરી જણાય તે રીતે કન્ટ્રોલ રજીસ્ટર નિભાવવાના રહેશે.
- ટેકાના ભાવે ઘઉના જથ્થાની જે ખરીદી કરવામાં આવે તેની ઉપર નિયમોઅનુસાર સ્થાનિક એ.પી.એમ.સીને માર્કેટ શેષ નિગમે ચુકવવાની રહેશે.

ટૂંકમાં ઘઉની ખરીદીના હિસાબો હાલની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ જ નિભાવવાના રહે છે, જેમાં જરુરી હોય તેવા આનુસાંગિક તમામ રજીસ્ટર રેકર્ડ નિભાવવાના રહેશે. વડીકચેરી ધ્વારા ગત વર્ષે જે સ્ટેશનરી પુરી પાડવામાં આવેલ છે તેમાં આનુસાંગિક સુધારા કરી ચાલું વર્ષે તેનો ઉપયોગ કરવાનો રહેશે.

રવિ પાક ૨૦૧૬–૧૭ (માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮) માટે ઘઉંની ટેકાના ભાવે ખરીદી કરવા અંગે ના કાર્યની સફળતાનો મુખ્ય આધાર આપના આયોજન, મહેનત તથા વાજબી પ્રયત્નો ઉપર આધારીત છે. આ ખરીદી માત્ર ખેડૂતો પાસેથી જ ગુજરાતમાં ઉત્પાદિત ઘઉંની જ કરવામાં આવે તેમજ ગુણવત્તાની બાબતમાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવે નહી તે બાબત ધ્યાને લેવાની રહેશે.

(૧૬) જથ્થાકીય મેળવણું તથા જથ્થો ગોડાઉન ખાતે રેકર્ડમાં જમા લીધેલ છે તેની પ્રત્યક્ષ ખરાઈ કરવી તથા જે ગોડાઉનો ખાતે (નિગમના તેમજ ભાડાના ) ઘઉંના જથ્થાનો સંગ્રહ કરવામાં આવેલ હોય તેની જિલ્લા કક્ષાના અધિકારીશ્રી , ડી.જી.આઈ તેમજ એકાઉન્ટ સુપરવાઈઝર ધ્વારા અવારનવાર મુલાકાત લઈ જથ્થાની ગુણવત્તા તેમજ ખરીદી મુજબનો જથ્થો ગોડાઉનો ખાતે ઉપલબ્ધ છે કે કેમ? તેની ખરાઈ કરી લેવાની રહેશે તથા સંબંધિત કર્મચારી/ અધિકારીશ્રી ધ્વારા કરેલ ખરાઈ / મુલાકાત વખતની વીઝીટ નોંધ જિલ્લા કચેરી તથા વડીકચેરીની એમએસપીશાખાને મોકલી આપવાની રહેશે. મુલાકાત વખતે જે કોઈ ગોડાઉનમાં અનિયમિતતા / ગેરરીતી જણાયેલ હોય તો તે અંગેની જાણ તુર્તજ મેનેજરશ્રી(વીજીલન્સ),વડીકચેરી, ગાંધીનગરને કરવાની રહેશે.

(૧૭) લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી માહે માર્ચ–૨૦૧૭ થી કરવાની હોય ભૌતિક ચકાસણી વખતે જો કોઈ જથ્થાની ખરીદી થયેલ હોય તો તેની તા ૩૧ માર્ચ' ૨૦૧૭ અંતિત ખરીદ કરેલ જથ્થાની ભૌતિક ચકાસણી કરી, ખરીદ કરેલ જથ્થા સાથે મેળવણું કરી લેવાનું રહેશે અને આ અંગેનો રીપોર્ટ અલયાદો પણ એમએસપી શાખાને આપવાનો રહેશે.

**(૧૮ ) લઘુત્તમ ટેકાના ભાવે પ્રાપ્ત કરવામાં આવેલ ઘઉંનો જથ્થો વડીકચેરીની સૂચના મળ્યા બાદ જ વિતરણમાં મુકવાનો રહેશે.**

(૧૯) પ્રાપ્ત કરેલ ઘઉંનો જથ્થો નિગમના અથવા તો ભાડાના ગોડાઉનમાં સંગ્રહિત હોય તેનું વિતરણ / નિકાલ ન થાય ત્યાં સુધી ગુણવત્તા જળવાઈ રહે તે માટે સંબંધિત જિલ્લાના ડીજીઆઈ ધ્વારા કયુ.સીશાખાની સ્થાયી સૂચનાનુસાર નિયમિત મુલાકાત લઈ ગુણવત્તા નિયંત્રણના જરુરી પગલાં લેવાના રહેશે.ટૂંકમાં ભાડાના ગોડાઉન ખાતે સંગ્રહિત જથ્થાની પણ પૂરતી કાળજી લેવાની રહેશે.

(૨૦) જે તે જિલ્લામાં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનો જે જથ્થો જે ખરીદ કેન્દ્રો ધ્વારા ખેડૂતો પાસેથી રોજેરોજ ખરીદવામાં આવે તે અંગેની વિગતવાર માહિતી કલેકટરશ્રીને પહોંચતી કરવાની રહેશે તથા આ માહિતી કલેકટર કચેરી ખાતે જાહેર જનતા જોગ નોટીસ બોર્ડ ઉપર રોજેરોજ મુકાય તે અંગેની કાર્યવાહી સંબંધિત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨)એ કરવાની રહેશે.

રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ માં ટેકાના ભાવે ઘઉંની ખરીદી વિકેન્દ્રીત ખરીદીના ભાગરૂપે રાજય સરકાર વતી નિગમ ધ્વારા કરવામાં આવશે તે અનુસાર રાજયસરકારે ૫૦,૦૦૦ મે.ટન ઘઉંની ખરીદીનો અંદાજ નોડલ એજન્સી તરીકે નિગમને આપેલ છે તે માટેનો મુખ્ય આધાર આપના આયોજન, મહેનત તથા વ્યાજબી પ્રયત્નો ઉપર આધારીત છે. આ ખરીદી માત્ર ખેડૂત પાસેથી જ ગુજરાતમાં ઉત્પાદિત ઘઉંની જ કરવામાં આવે તથા ગુણવત્તા બાબતે પૂરતી તકેદારી લઈ રાજયના ખેડૂતોને ખેડૂતલક્ષી આ યોજનાનો મહત્તમ લાભ મળી રહે તે માટેના યોગ્ય પ્રયત્નો આપ સૌ તરફથી હાથ ધરવા વિનંતી છે.

**નોંધ ૫૨ મા.મે.ડીશ્રીની મંજૂરી અન્વયે**

**બિડાણઃ- ઉપર મુજબ** **મેનેજર(MSP)**

નકલ સવિનય રવાનાઃ-

૧. પી.એસ.ટુ મે.ડીશ્રી/ચેરમેનશ્રી,
૨. નાયબ સચિવશ્રી(પીડીએસ),અ.ના.પુ અને ગ્રા.બા.નો વિભાગ,
૩. નિયામકશ્રી,અન્ન,નાગરિક પુરવઠાની કચેરી/કૃષિ નિયામકશ્રી,ગાંધીનગર
૪. કલેકટરશ્રી,............/અન્ન નિયંત્રકશ્રી,અમદાવાદ
૫. રજીસ્ટારશ્રી,સહકારી મંડળીઓ,ડો.જીવરાજ મહેતાભવન,
૬. નિયામકશ્રી,ખેત ઉત્પન્ન બજાર સમિતિ....
૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી
૮. મુખ્ય જનરલ મેનેજરશ્રી તથા જનરલ મેનેજરશ્રી(તમામ),
૯ જનરલ મેનેજરશ્રી(ગુજરાત),એફ.સી.આઈ,અમદાવાદ,
૧૦. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી /જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,.................
૧૧. જિલ્લા રજીસ્ટારશ્રી,.................

નકલ રવાનાઃ–

૧. કાર્યપાલક ઈજનેરશ્રી/કંપની સચિવશ્રી
૨. મેનેજરશ્રી(તમામ),વડીકચેરી,ગાંધીનગર/
૩. મેનેજરશ્રી.જિલ્લા કચેરી,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ,
૪. મેનેજરશ્રી(આં.ઓડીટ)વડીકચેરી,ગાંધીનગર તરફ આ બાબતે જિલ્લા ઓડીટરશ્રીને જરુરી જાણ કરી ઓડીટની કાર્યવાહી સમયસર/ ઝડપથી નિયમાનુસાર થાય તે જોવા સારું.
૫. ખરીદ કેન્દ્રના નિયુકિત અધિકારીશ્રી
૬. સંબંધિત ખરીદ કેન્દ્ર/સંબંધિત ગ્રેડર

**WHEAT PRO 2017 -18 BOOKLET.doc**

FAX : 23222707 Phon : (079) 23221037, 23221038, 23220341 email: md-gscsc@gujarat.gov.in

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)

CIN : U65910GJ1980SGC003957

WWW.GSCSCL.GUJARAT.GOV.IN

REGISTERED OFFICE:SECTOR-10/A, "CH" ROAD

NEAR NEW SACHIVALAYA,GANDHINAGAR-382043

નં.નાપુનિ/૨૧૧/એમએસપી/આરએમએસ/૨૦૧૭-૧૮/લ.ટે.ભાવ/ તા.૧૭/૨/૨૦૧૭
૨૦૧૭/૧૦૪૯૬

પ્રતિ,
સીટી મેનેજરશ્રી, અમદાવાદ
નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ-૨)
ગુ.રા.ના.પુ.નિ.લિ.,
(તમામ)

વિષયઃ- રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉની પ્રાપ્તિ બાબત...

સંદર્ભઃ-રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક/આરએમએસ/૧૪/૨૦૧૬/જીઓઆઈ/૪૧૨/ક, તા.૧૬/૨/૨૦૧૭

આપને સુવિદિત છે કે રાજય સરકાર ધ્વારા MSP OPERATION (લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી) માટે નિગમની નોડલ એજન્સી તરીકે નિયુકતી કરેલ છે.

૨. રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માટે ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે ઘઉની સીધી પ્રાપ્તિ માટે ભારત સરકાર ધ્વારા રૂા.૧૬૨૫/- પ્રતિ કિવ. લઘુત્તમ ટેકાના ભાવ નિયત કરવામાં આવેલ છે.

૩. સામાન્ય રીતે નિગમ ધ્વારા છેલ્લા ૬ વર્ષથી નિયમિત રીતે MSP OPERATION અંતર્ગત ઘઉની ખરીદી કરવામાં આવે છે તે ધોરણે જીલ્લાવાર શરૂ કરવાપાત્ર ખરીદ કેન્દ્રોની સુચિત યાદી આ સાથે સામેલ રાખેલ છે. પરંતુ રાજય સરકારના તા.૧૬/૦૨/૨૦૧૭ ના સંદર્ભીત ઠરાવ (નકલ સામેલ છે.) અનુસાર આપના કાર્યક્ષેત્રના જીલ્લામાં કયા સ્થળે કઈ એપીએમસી/માર્કેટ યાર્ડ ખાતે ખરીદ કેન્દ્રો શરૂ કરવા તે સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને નિયત થયેલ જીલ્લા સમિતિ ધ્વારા ખરીદ કેન્દ્રો નિયત કરાવવા નોંધ લેશો.

૪. રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે ઘઉની પ્રાપ્તિની કામગીરી તા.૧૫/૦૩/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૭ સુધી નિયત થયેલ છે, તેથી આ અંગે રાજય સરકારના ઠરાવ તેમજ નિગમની પ્રણાલી અને સ્થાનિક પધ્ધતિ મુજબ બેનર્સ, ચોપાનીયા (PAMPHLETS) સ્થાનિક ચેનલ મારફત પ્રસિધ્ધિ કરાવવા નોંધ લેશો

(૧)

૫. નિગમ ધ્વારા રાજ્ય સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા (Public Distribution System) websie/Portal ઉપર ખેડૂતોના આગોતરા/એડવાન્સ ઓનલાઈન રજીસ્ટ્રેશન ની સુવિધા ઉભી કરવામાં આવેલ છે તેનો રાજયના ઘઉ ઉત્પાદન કરતાં તમામ ખેડૂતો ધ્વારા અચૂક/અવશ્યપણે લાભ લેવામાં આવે તેવી સ્થાનિક કક્ષાએ જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધિ કરવાની ખાસ નોંધ લેશો.

ઉપરોક્ત બાબતને ટોચ અગ્રતા/પ્રાધાન્ય આપીને આરએમએસ ૨૦૧૭–૧૮ દરમ્યાન લઘુત્તમ ટેકાના ભાવે ઘઉની પ્રાપ્તિ સંલગ્ન કામગીરી સરળતાથી થાય તેવું સઘન આયોજન કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

18-2-17

જનરલ મેનેજર(એમ.એસ.પી)

બિડાણ: રાજય સરકારના તા.૧૬/૨/૨૦૧૭ ના
ઠરાવની નકલ. પાના નં. ૧થી ૯૮

**નકલ સવિનય રવાના:–**

૧. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી અને
જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–૧),
પુરવઠા શાખા, કલેકટર કચેરી........ તરફ જાણ તથા ઘટિત થવા સારું.

૨. ચીફ જનરલ મેનેજરશ્રી, વડી કચેરી, ગાંધીનગર

૩. જનરલ મેનેજરશ્રી (હિસાબ) વડી કચેરી ગાંધીનગર

**નકલ રવાના:–**

મેનેજરશ્રી(કયુ.સી/પર્સોનલ/એમ.આઈ.એસ)
..... તરફ જાણ તથા ઘટિત કાર્યવાહી થવા સારું.

ગુ.રા. નાગરિક પુરવઠા નિગમ લી.
તારીખ 17 FEB 2017
૧૧૯૩
શાખા

રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ મા લઘુત્તમ
ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તી.

ગુજરાત સરકાર
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: આરએમએસ/૧૪/૨૦૧૬/જીઓઆઇ/૪૧૨/ક
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા. ૧૬/૨/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, નવી દિલ્હીના તા.૨૪/૧૧/૧૬ ના પત્ર નં. 4-1/2016-PY.I

(૨) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગરના તા.૨૩/૧/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: /૨૧૧/ એમએસપી/ઘઉં/પ્રાપ્તિ/૨૦૧૭-૧૮/૧૭

આમુખ :-

ઉકત વંચાણે લીધેલ (૧) થી ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માટે ઘઉંના પ્રતિ ક્વીન્ટલ રૂ.૧૬૨૫/-લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવામાં આવેલ છે.

ઉકત વંચાણે લીધેલ (૨) થી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તી માટે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા વિગતવાર દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં ખેતી નિયામકશ્રી પાસેથી ઘઉંના વાવેતર અને ઉત્પાદનના આંકડા ધ્યાને લઇ ઘઉંની ૫૦૦૦૦ મે.ટન પ્રાપ્તીનો અંદાજ મુકેલ છે.

નિગમની સદર દરખાસ્ત અન્વયે ભારત સરકાર ધ્વારા ઉપરોક્ત જાહેર કરવામાં આવેલ લઘુતમ ટેકાના ભાવથી ખુલ્લા બજારમાં ઘઉંના ભાવો નીચા જાય તો ખેડુતોને નુકશાન ન જાય અને તેઓને ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી રાજય સરકાર ધ્વારા રૂ.૧૬૨૫/- પ્રતિ કિવન્ટલ લઘુતમ ટેકાના ભાવથી ૫૦૦૦૦ મે.ટન ઘઉંની પ્રાપ્તી કરવાની બાબત વિચારાધીન હતી

ઠરાવ :-

આમુખની વિગતે અંદાજીત ૫૦૦૦૦ મે.ટન ઘઉંની પ્રાપ્તી કરવા માટે વિભાગ હેઠળના ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગરને એફસીઆઇ સાથે મળી નીચેની શરતોને આધીન નોડલ એજન્સી તરીકે નિમણૂંક આપવાનું આથી ઠરાવવામાં આવે છે

(૧) નિગમના નિયત થયેલ ખરીદ કેન્દ્રો ખાતે નિગમના પ્રતિનિધિ અથવા ગુણવત્તાની ચકાસણી માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન અન્વયે સંબંધીત સંસ્થાના પ્રતિનિધિ હાજર રહી ખેડુતોનો જથ્થો ગુણવતાની દ્રષ્ટિએ ચકાસણી કરશે અને સ્વીકારવાપાત્ર જથ્થો સ્વીકારશે.

(૨) હાલ સુચીત માર્કેટીંગ યાર્ડ ખાતે કામચલાઉ ધોરણે સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવાની થશે ત્યારબાદ પ્રાપ્ત થયેલ જથ્થો નિગમના નજીકના ગોડાઉને તબદીલ કરવાનો રહેશે અને આ માટે જરૂર જણાય તો સંબંધીત માર્કેટીંગ યાર્ડ ખાતે ગોડાઉન ભાડે રાખવાના રહેશે

૧૯

(3) ભારત સરકારના તા.૨૪/ ૧૧/ ૨૦૧૬ ના પત્ર અન્વયે કૃષિ અને સહકાર વિભાગે જાહેર કરેલ રૂા. ૧૬૨૫/- પ્રતિ ક્વીન્ટલ લઘુતમ ટેકાના ભાવે રવિ માર્કેટિંગ સીઝન ૨૦૧૭-૧૮ માટે ઘઉંની પ્રાપ્તિ તા.૧૫/ ૩/ ૧૭ થી તા.૩૧/ ૫/ ૧૭ સુધી કરવાની રહેશે. આ અંગે જિલ્લા કક્ષાએ ઘઉંની પ્રાપ્તિ અંગે જરૂરી આયોજન હાથ ધરી કલેક્ટરશ્રી ધ્વારા જરૂરી અહેવાલ અગ્રસચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ તથા મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ને કરવાનો રહેશે.

(૪) ટેકાના ભાવે ઘઉંની ખરીદી કેન્દ્ર સરકાર ધ્વારા નિયત કરેલ યુનિફોર્મ સ્પેસિફિકેશનના ધારાધોરણ મુજબ જ કરવાની રહેશે.

દરેક ખરીદ કેન્દ્ર ખાતે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગેનું બેનર લગાવવાનું રહેશે. જેમાં લઘુત્તમ ટેકાના ભાવની ખરીદ કિંમતે એફ.એ.ક્યુ. (FAIR AVERAGE QUALITY ) સામાન્ય ગુણવત્તા ધરાવતો જથ્થો ખરીદવામાં આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. અન્ય ખરીદ કેન્દ્રો ખાતે ટેકાના ભાવ કરતા નીચા ભાવે વેચાણ થવાના કિસ્સામાં ખેડૂતોને રાજય સરકાર ધ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહેલ છે તે બાબતની જાણ કરી એફ.એ.ક્યુ. ક્વોલીટી મુજબનો જથ્થો ખરીદવાની કાર્યવાહી કરવાની રહેશે. જે કિસ્સામાં ખેડૂતનો જથ્થો એફ.એ.ક્યુ. ક્વોલીટી મુજબનો જથ્થો ન હોય અને આવો જથ્થો ટેકાના ભાવે ખરીદી શકાય તેમ ન હોય તો આવા જથ્થાનું સેમ્પલ લઈ આ જથ્થો ક્યા કારણથી ખરીદી શકાય તેમ નથી તેની નોંધ સહિત ખેડૂતનું નામ, સરનામુ તેમજ તેના દ્વારા ઓફર કરવામાં આવેલ જથ્થાની વિગતની નોંધ રાખવાની રહેશે.

(૫) રાજયના ખેડૂતોને ઉપરોક્ત ટેકાના ભાવથી ઘઉંનો જથ્થો ખરીદવામાં આવી રહેલ છે તે બાબતે પુરતી જાણકારી મળી રહે તે માટે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે. આ માટે અખબારી યાદી, ટીવી, પોસ્ટર,બેનર વગેરે માધ્યમોનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ ખેડૂતોને તેઓનો જથ્થો સાફસૂફ કરી જરૂરી જણાયે ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરૂર જણાયે ઘઉં તડકામાં સુકવી વેચાણ માટે લાવવા જણાવવાનું રહેશે કે જેથી તેઓનો જથ્થો અસ્વિકૃત ન થાય.

(૬) ટેકાના ભાવે ઘઉંની ખરીદીની કામગીરી માટે રાજયમાં ઘઉંનું ઉત્પાદન થતુ હોય તેવા તમામ જિલ્લાના તમામ ગોડાઉનો ખાતે તથા તમામ ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ (એ.પી.એમ.સી.) ખાતે ખરીદ કેન્દ્ર શરૂ કરવાના રહેશે. તેમજ ખરીદવામાં આવેલ ઘઉંના જથ્થાના સંગ્રહ માટે નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો ઉપયોગ કર્યા બાદ વધુ સંગ્રહ વ્યવસ્થાની જરૂર જણાય તો સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન, ભારતીય ખાદ્ય નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહશક્તિનો ઉપયોગ કરવાનો રહેશે. આમ છતાં સ્થાનિક જરૂરિયાતને લક્ષમાં લઈ જરૂર જણાયે અન્ય સહકારી/ખાનગી સંસ્થાઓ પાસે સંગ્રહ શકિત ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ પણ કરી શકાશે.

(૭) ઘઉંના જથ્થાના સંગ્રહ માટે ૫૦ કિલોગ્રામ ભરતીવાળા પુરતા બારદાનની વ્યવસ્થા નિગમે કરવાની થશે. આ માટે નિગમે અગાઉની માર્કેટીંગ સીઝનોમાં જથ્થાની ખરીદી માટે ડી.જી.એસ.એન્ડ ડી. કલકતા પાસેથી શણના બારદાનની ખરીદી કરેલ હતી તે પૈકી ઉપલબ્ધ બારદાનના જથ્થાનો ઉપયોગ કરવાનો રહેશે.

કોઇ સંજોગોમાં શણના બારદાન (જ્યુટ બેગ) ઉપલબ્ધ ન બને તો જ એચ.ડી.પી.ઈ./(પીપી) બેગનો ઉપયોગ કરી શકાશે. આવા કિસ્સામાં જથ્થાની હેરફેર તથા પેકીંગમાં હુક્નો ઉપયોગ થાય નહી તેની તકેદારી નિગમે રાખવાની રહેશે.

(૮) ટેકાના ભાવે ઘઉંની ખરીદી માત્ર ગુજરાત રાજ્યના ખેડૂત પાસેથી ગુજરાતમાં ઉત્પાદિત ઘઉંની જ કરવાની રહેશે. ઓનલાઇન ઇ-પ્રોક્યોરમેન્ટ હેઠળ ખેડૂતોને પોતાના ઉત્પાદનનો જથ્થો ટેકાના ભાવે આપવા માટે આગોતરૂ રજિસ્ટ્રેશન/નોંધણી ઓનલાઇન પીડીએસ પોર્ટલ ઉપર કરાવી ખરીદી કરવાનું નિગમે આગોતરું આયોજન કરેલ છે. ખેડૂતો માટે આ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત રાખીએ.

(૯) કેન્દ્ર સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત જે હેન્ડલીંગ ચાર્જ મંજુર કરવામાં આવશે તેની મર્યાદામાં ખર્ચ થાય તે મુજબ ખરીદી કરવાનો પ્રયાસ કરવાનો રહેશે. આમ છતા કોઇ અનિવાર્ય સંજોગોમાં આ કામગીરીમાં નિગમને વધુ ખર્ચ થાય તો આવો ખર્ચ રાજ્ય સરકાર સરભર કરી આપશે.

(૧૦) લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ખરેખર ખેડૂતો પાસેથી ચાલુ સિઝનના ઉત્પાદન પૈકી જ કરવાની છે. કોઈ વેપારી કે દલાલો પાસેથી નહી. આ ખરીદી ખેડૂતો પાસેથી ૭/૧૨ તથા ૮/અ ના વર્ષ ૨૦૧૬-૧૭ ના ઉતારા સામે કરવાની રહેશે. ખેડૂતો દ્વારા તેમનો જથ્થો વેચાણ માટે લાવતી વખતે આ દસ્તાવેજ (૭/૧૨ અને ૮/અ) લઇને આવે તે અંગેની પ્રસિધ્ધિ કરવાની રહેશે. આ અંગે જો કોઇ મુશ્કેલી જણાય તો વિભાગના તા.૨૩/૩/૧૧ ના પત્ર ક્રમાંક : સીએસસી/૧૦/૨૦૧૦/૧૪૩/ક૧ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. (નકલ સામેલ છે.)

(૧૧) કૃષિ નિયામકશ્રીની કચેરી દ્વારા મળેલ પિયત ઘઉંના ત્રણ વર્ષની (૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬) જિલ્લાવાર હેકટરદીઠ ઉત્પાદન જે સરેરાશ ૨૯૩૩ કિ.ગ્રા. થાય છે તે સમગ્ર રાજય માટે પ્રતિ હેકટર મંજુર રાખી જથ્થો ખરીદવાનો રહેશે. (પત્રકની નકલ સામેલ છે.) ખેડુતો પાસેથી જ્યારે જથ્થો ખરીદવામાં આવે ત્યારે તે અંગેની નોંધ ખેડૂતપોથીમાં કરવાની રહેશે તેમજ રોજે રોજ ખરીદેલ જથ્થાની વિગતો રાજય સરકારને ઉપલબ્ધ કરાવવાની રહેશે. જો કોઇ ખેડૂત પાસે ખેડૂતપોથી ઉપલબ્ધ ન હોય તો વિભાગના તા.૩/૪/૧૨ ના ઠરાવ ક્રમાંક:સીએસસી/૧૦/૨૦૧૧/૨૨૪૪/ક મુજબ ખેડૂત ખાતેદારની બેંક પાસબુકમાં જરૂરી નોંધ કરવાની રહેશે (નકલ સામેલ છે.)

(૧૨) લઘુત્તમ ટેકાના ભાવે ખરીદ કરેલ ઘઉંના જથ્થાની ગુણીઓ ઉપર ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગના તા.૨૬/૯/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : ૧૫(૧)/૨૦૧૨/પીવાય.III /૩૧૯૬૩૯ મુજબ સંબંધીત કલરનું સ્ટેન્શીલ. માર્કીંગ, સ્ટીચીંગ કરવાનું રહેશે (નકલ સામેલ છે.)

(૧૩) લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીની બાબતે ખેડૂતોને ઉભી થતી મુશ્કેલીઓના નિવારણ માટે નીચે મુજબની જિલ્લા કક્ષાની સમિતિની નિમણૂંક કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| (બ) | જિલ્લા સહકારી રજીસ્ટ્રારશ્રી | સભ્યશ્રી |
| (ક) | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (ડ) | જિલ્લા પુરવઠા અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (ઈ) | નાયબ જિલ્લા મેનેજર (ગ્રેડ-૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. | સભ્ય સચિવશ્રી |

(૧૪) ખરીદીની કામગીરી માટે જરૂરી એવા સાધનો તેમજ ગુણવત્તાની ચકાસણી માટેની જરૂરી યંત્ર સામગ્રી સમયસર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૧૫) ખેડુત પાસેથી એફએકયુ મુજબ જે જથ્થો ખરીદવામાં આવેલ હોય તે જથ્થા મુજબ ગણતરી કરેલ રકમ (નાણા) ખેડુતોને શકય તેટલી ઝડપથી ખેડુતના નામના એકાઉન્ટ પેઇ ચેકથી/ ઓનલાઇન પેમેન્ટથી આપવાના રહેશે અને આ અંગે નાણા જે તે ખેડુતને જ મળેલ છે તે અંગે ચોકસાઇ રાખવાની રહેશે.

(૧૬) જિલ્લા કલેકટરશ્રીએ ટેકાના ભાવે ખરીદીની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે તેમજ ખરીદી અંગે ઉપસ્થિત થતી મુશ્કેલીઓનું તાત્કાલિક નિરાકરણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. સેક્ટર-૧૦એ, ગાંધીનગર
(૨) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) કૃષિ નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર
(૪) નિયામકશ્રી, અન્ન, અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય,ગાંધીનગર
(૫) કલેક્ટરશ્રી (તમામ)
(૬) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ)

નકલ સવિનય રવાના:-

(૧) માન.મંત્રીશ્રી, અન્ન,નાગરિક પુરવઠા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) સંસદીય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
(૩) અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૪) અગ્રસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૭) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ભારતીય ખાદ્ય નિગમ, નવી દિલ્હી
(૮) રીજીયોનલ જનરલ મેનેજરશ્રી,(ગુજરાત ) ભારતીય ખાદ્ય નિગમ, અમદાવાદ
(૯) વિભાગની નાણા/બજેટ શાખા
(૧૦) સિલેક્ટ ફાઈલ
(૧૧) વિભાગના સીસ્ટમ મેનેજરશ્રી (વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)

ક્ર.: સીએસસી/૧૦/૨૦૧૦/૧૪૩/ક-૧
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની
બાબતોનો વિભાગ,
૧૪/૬, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૩/૦૩/૨૦૧૧

પ્રતિ,
કલેક્ટરશ્રી,
કલેક્ટર કચેરી,
જુનાગઢ.

**વિષય : રવિ માર્કેટીગ સીઝન ૨૦૧૧-૧૨ માં ટેકાના ભાવે ઘઉંની ખરીદી અંગે.**
**સંદર્ભ : આપનો પત્ર ક્રમાંક : પુરવઠા/વહેંચણી/ટિકાના ભાવ/ઘઉં /ખરીદી/૨૦૧૧ તા.૨૨/૩/૨૦૧૧.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે રવિ માર્કેટીગ સીઝન ૨૦૧૧-૧૨ માં લઘુતમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ અંગે ખાતેદાર ખેડુતો દ્વારા તેમના ૭/૧૨ અને ૮/અ માં તલાટીઓ દ્વારા નિયત સમયમાં નોંધ નહી થવાના કારણે પોતાના ઉત્પાદિત ઘઉંના જથ્થાનું વેચાણ કરવામાં મુશ્કેલી અંગે રજુઆત છે.

સદરહુ બાબતે જણાવવાનું કે રાબેતા મુજબ ૭/૧૨ ના નમુનામા તલાટી કમ મંત્રી ખેડુત ખાતેદારને દાખલો આપે તે વધુ ઉચિત રહેશે. તલાટી કમ મંત્રીનો ઈલાયદો દાખલો મેળવવો યોગ્ય નથી. આથી તે મુજબ જરૂરી કાર્યવાહી થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(મુકેશ મોદી)
નાયબ સચિવ
અ.ના.પુ. અને ગ્રા. બાબતોનો વિભાગ
ગુજરાત સરકાર, ગાંધીનગર.

24 MAR 2011

નકલ રવાના :-
મેનેજીગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

૨૩

(૯)

લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ રવિ માર્કેટિંગ સીઝન
૨૦૧૨-૧૩

ગુજરાત સરકાર
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
ઠરાવ ક્રમાંક : સીએસસી/૧૦૨૦૧૧/૨૨૪૪/ક
૧૪, સરદાર ભવન, ૫-મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 3 /૦૪/૨૦૧૨

વંચાણે લીધા :-

૧. વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૨/૨૦૧૨ નો ઠરાવ.
૨. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. નો તા. ૯/૩/૨૦૧૨ નો પત્ર ક્રમાંક ૨૧૧/અનજ એમએસપી /ઘઉં/પ્રાપ્તિ/૨૦૧૨-૧૩
૩. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. નો તા. ૯/૩/૨૦૧૨ નો પત્ર ક્રમાંક ૨૧૧/અનજ એમએસપી /ઘઉં/પ્રાપ્તિ/૨૦૧૨-૧૩/૧૬૨૭૭

આમુખ :-

રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે ઘઉંની પ્રાપ્તિ કરવા ઉકત સંદર્ભ-૧ થી નીતિ નકકી કરવામાં આવેલ છે તે અનુસંધાને ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમે ઉકત સંદર્ભ-૨ અને ૩ થી ખેડુતપોથીમાં નોંધ કરવા બાબતે તેમજ રાજયમાં એક સરખા ઘઉંના ઉત્પાદનના ધોરણો લાગું પાડી તે મુજબ ઘઉંની પ્રાપ્તિ કરવા દરખાસ્ત કરેલ હતી. જે બાબતે પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામ આવે છે:

ઠરાવ :-

૧. સમગ્ર રાજયમાં એકસરખા ઘઉંના ઉત્પાદકતાના ધોરણો લાગુ નહિં પાડતા વિભાગના તા. ૧૪/૨/૨૦૧૨ ના ઠરાવ મુજબ ઉત્પાદકતાના ધોરણો જિલ્લા પ્રમાણે લાગુ પાડવાનાં રહેશે.
૨. જો કોઇ ખેડુત પાસે ખેડુતપોથી ઉપલબ્ધ ન હોય તો ખેડુત ખાતેદારની બેંક પાસબુકમાં જરૂરી નોંધ કરવાના રહેશે.

૨૪

૩. રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૨-૧૩ માં પ્રાપ્ત થયેલ ઘઉંનો જથ્થો યથાવત જાળવી રાખવાનો રહેશે. તા.૩૦/૬/૨૦૧૨ બાદ ઘઉંના જથ્થાની યોગ્ય ખાતરી થયા બાદ તા.૧/૭/૨૦૧૨ પછી જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત જથ્થાનો ઉપયોગ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મુકેશ મોદી)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., સેક્ટર-૧૦, ગાંધીનગર.
૨. રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૩. કૃષિ નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
૫. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
૬. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ (ફેકસ દ્વારા)
૭. સીલેકટ ફાઈલ.

૨૫

## ANNEXURE

### Gujarat State Civil supplies Corporation Ltd Gandhinagar

### Statement showing the Wheat procurement centers for Rabi Marketing Season 2017-18

| Sr. | District | Center | Name of purchase centers | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Ahemedabad city | 1 | Jetalpur (A'bad city) | | | | | | | | | | |
| 2 | Ahemedabad | 5 | Viramagam | Dholaka | Dhandhuka | Sanand | Bavala | | | | | | |
| 3 | Gandhinagar | 4 | kalol | Dahegam | Manasa | Gandhinagar | | | | | | | |
| 4 | Banaskantha | 9 | Palanepur | Deesa | Vadagam | Tharad | Dhanora | Vav | Danta | Deodar | Shihori | | |
| 5 | Sabarakantha | 10 | Himatanagar | Idar | Khedabrhma | Vijayanagar | Prantij | Talod | Vadali | Salal | Kundla Kampa | Jadar | |
| 6 | Aravalli | 8 | Bhiloda | Modasa | Megharaj | Malapur | Bayad | Titoi | Sathamba | Dhansura | | | |
| 7 | Mahesana | 5 | Mahesana | Visanagar | Kheralu | Vijapur | Kadi | | | | | | |
| 8 | Patan | 7 | Patan | Chanasma | Sidhdhpur | Haarij | Sami | Radhanapur | Varahi | | | | |
| 9 | Kheda | 7 | Nadiad | Kapadavang | Balasinor | Dakor | Mahe'vad | Matar | kathalal | | | | |
| 10 | Anand | 6 | Anand | Borsad | Petlad | Khambhat | Anklav | Tarapur | | | | | |
| 11 | Panchamahal | 6 | Godhara | Kalol | Halol | Shahera | Kankanpur | Morva | | | | | |
| 12 | Mahisagar | 5 | Lunavada | Santarampur | Kothamba | Virpur | Balasinor | | | | | | |
| 13 | Dahod | 4 | Dahod | Zalod | Limakheda | Dev'Bariya | | | | | | | |
| 14 | Vadodara | 7 | Vadodara | Dabhoi | Karajan | Savali | Vaghodia | Padara | Shinor | | | | |
| 15 | C.Udepur | 5 | C.Udepur | Nasavadi | Sankheda | Pavijetpur | Kwat | | | | | | |
| 16 | Rajkot | 9 | Rajkot | Upaleta | Jetapur | Jashadan | Jamakandorna | Gondal | Dhoraji | Padadhari | Kotadasagani | | |
| 17 | Morabi | 3 | Morabi | Vankaner | Maliya-Miyana | | | | | | | | |
| 18 | Surendranagar | 9 | Surendrangr | Vadhavan | Limbadi | Chotila | Lakhater | Dhragadhara | Patadi | Muli | Sayala | | |
| 19 | Bhavanagar | 7 | Bhavanagar | Shihor | Palitana | Gariyadhar | Talaja | Mahuva | Vallabhipur | | | | |
| 20 | Botad | 2 | Gadhada | Botad | | | | | | | | | |
| 21 | Amareli | 10 | Amareli | Dhari | Babara | Rajula | Jafarabad | Damanagar | Vadiya | Liliya | Khambha | Savarakundala | |
| 22 | Junagadha | 9 | Junagadha | Keshod | Mansvadar | Vishavadar | Mangarol | Bhesan | Maliya-Hati | Vanthali | Medarada | | |
| 23 | Gir Somnath | 4 | Una | Kodinar | Veraval | Talala | | | | | | | |
| 24 | Porbandar | 3 | Porbandar | Kutiyana | Ranavav | | | | | | | | |
| 25 | Jamanagar | 5 | Jamanagar | Drol | Jamajodhpur | Kalavad | Jodia | | | | | | |
| 26 | D.Dwarika | 4 | Dwaraka | Khambhaliya | Kalyanpur | Bhanvad | | | | | | | |
| 27 | Kutch | 11 | Bhuj | Mandavi | Mudra | Anjar | Rapar | Bhachau | Nakhatrana | Naliya | Dayapar | Khavada | Kothara |
| 28 | Narmada | 4 | Dediyapada | Rajpipala | Sagabara | Tilakavada | | | | | | | |
| 29 | Bharuch | 8 | Amod | Ankaleswar | Bharuch | Hansot | Jambusar | Jhagadia | Vagara | Valiya | | | |
| 30 | Surat | 9 | Bardoli | Kadodara | Kim | Madhi | Mahuva | Mandavi | Mangarol | Navagam | Olapad | | |
| 31 | Tapi | 5 | Kukarmunda | Uchchhal | Sonagadh | Valod | Vyara | | | | | | |
| 32 | Valsad | 5 | Kaparada | Paradi | Sanjan | Valsad | Dharampur | | | | | | |
| 33 | Navasari | 5 | Bilimora | Chikhali | Vansada | Navasari | Jalalpor | | | | | | |
| 34 | Dang | 2 | Vaghai | Ahava | | | | | | | | | |
| | Total | 203 | | | | | | | | | | | |